dadra & nagar haveli daman & diu

सत्यमेव जयते

U.T. ADMINISTRATION OF
DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

नया भारत

# NAMO HOSPITAL DAMAN

QUALITY CARE | COMPASSIONATE SERVICE | FOR A HEALTHIER TOMORROW.






"हमारा स्वास्थ्य संबंधी विज़न का दायरा
केवल इलाज तक सीमित नहीं है।
यह स्वास्थ्य, वेलनेस
और समग्र कल्याण के बारे में है"

– नरेन्द्र मोदी

SHRI NARENDRA MODI
Hon'ble Prime Minister



SHRI PRAFUL PATEL
Hon'ble Administrator,
UTs of Dadra & Nagar Haveli and Daman & Diu and Lakshadweep

STARTING FROM

12th August, 2026 Namo Hospital, Daman

## SERVICES FOR THE COMMUNITY

**OPD SERVICES**
Consultations across specialities

**EMERGENCY CARE**
24x7 Immediate medical support

**DIAGNOSTIC SERVICES**
Pathology, Radiology & Imaging

**PHARMACY**
Quality medicines at affordable rates

**MATERNAL & CHILD CARE**
Safe & specialized care for women and children

**HEALTH PROGRAMS**
Immunization, NCD Screening, Health Awareness

**AYUSHMAN BHARAT**
Cashless treatment for eligible beneficiaries

**DIGITAL HEALTH SERVICES**
ABDM Enabled | e-Health Services
Teleconsultation | Digital Records

Scan For Location

## A NEW CHAPTER IN HEALTHCARE FOR DAMAN

ACCESSIBLE, AFFORDABLE & ADVANCED. | YOUR HEALTH, OUR RESPONSIBILITY.

**PATIENT FIRST**
Compassionate care with respect & dignity

**SAFE & TRUSTED**
Quality services in a safe environment

**COMMUNITY FOCUSED**
Healthcare that serves everyone

**MODERN FACILITIES**
Advanced technology for better outcomes

NAMO HOSPITAL, DEVKA ROAD, MARWAD, NANI DAMAN - 396210




## સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસ રાખો અને આગળ વધો,
માર્ગ જો અંધકારમય લાગે, તો પણ દીવો પોતે જ બનો.

## કવિતા

### નિવૃત્તિ પ્રવૃત્તિ પરખી એક

નિવૃત્તિ પ્રવૃત્તિ પરખી એક, સંકલ્પ દૂર કરો.
જીવન મુક્તિ જાણી તમો, સંતોષ વરને વરો.
આ અવલ કવલની છે સાધના, તેનું સહેજે સમરણ કરજો,
અનાદિ વચન છે ગુરુદેવનું, તેનું ધ્યાન તમે તમારી નાભિમાં ધરજો... નિવૃત્તિ૦

એ પોતાના પુન્યના પારખાં, તે ગુપ્તદાન તમે દેજો,
આમાં શાંતિ તપ સોહંમ છે, તે તમારો આત્મા ઓળખી લેજો... નિવૃત્તિ૦

એ વૃક્ષ રૂપ એક જ છે, તેમાંથી આ દુવાદશ પ્રગટિયા ડાળા,
અનુભવથી ઓળખો તો સોહંમપદ બાવન અક્ષરથી છે બારા... નિવૃત્તિ૦

એ દમ કદમના દોરમાં, નિરભેપદને તમે નિહાળો,
દશમાં સોહંમમાં સુરતા લગાવો તો, ઝરે અખંડિત ઝારો... નિવૃત્તિ૦

એ સતગુરુજીએ વચન સુણાવ્યો, જરાય નથી જૂઠો,
સત્સંગ રૂપી પાટી કરી, વચન વતરણેથી એક જ એકડો ઘૂંટો... નિવૃત્તિ૦

આ અનુભવી સ્કૂલ(?)માં, અભય વચન સતગુરુએ સુણાવ્યા,
દાસ 'ઉગા'ને સતગુરુ હીરસાગર મળ્યા, આ દેહીમાં દર્શાવ્યા... નિવૃત્તિ૦

- ઉગારામ

## આજની જોક

ન્યાયાધીશ : 'બોલો શી ફરિયાદ છે.'
અરજદાર : 'સાહેબ, મેં કોર્ટમાં લગ્ન કર્યા હતાં!
ન્યાયાધીશ : 'તો એનું શું છે ?'
અરજદાર : 'મારે જાણવું છે કે મારો ગુનો શું હતો અને સજા કેટલી લાંબી ચાલશે?'

## કબીર વાણી




**રામ નામ સબ કોઈ કહે, ઠગ ઠાગોર ઔર ચોર;**
**ધ્રુવ પલ્હાદ સબ તર ગયે, એહિ નામ કછુ ઓર.**

**-અર્થાત-**

રામનું નામ તો ઠગારા, લુટારા, યાને દુનિયાંના બુરા ભલા સર્વ (મોહડેથી) લે છે, પણ છે સ્મરણ યાને જપ વડે ધ્રુવ, પલ્હાદ અને એવા (મોટા થઈ ગયલા) નરો ઈશ્વરને પહોંચી ગયા તે સ્મરણ કાંઈ જુદીજ તરેહનું છે.

## ચાણક્ય ઉવાચ



**અક્ષરાણ્ય ક્ષયો નાસ્તિ, નાણ્યં નશ્યતિ સર્વથા।**


**-અર્થાત-**

જ્ઞાન અને ભણેલા અક્ષરો ક્યારેય નાશ પામતા નથી. વિદ્યા એવું ધન છે જેનો ક્યારેય નાશ થતો નથી.

## આજનો દિન વિશેષ

### નગીનદાસ પારેખ

નગીનદાસ નારણદાસ પારેખ (૮ ઓગસ્ટ ૧૯૦૩ - ૧૯ જાન્યુઆરી ૧૯૯૩) ભારતના ગુજરાતી ભાષાના વિવેચક, સંપાદક અને અનુવાદક હતા. તેઓ તેમના ઉપનામ, ગ્રંથકીટ (શાબ્દિક રીતે, પુસ્તકીય કીડા) દ્વારા પણ જાણીતા છે.



નગીનદાસ પારેખનો જન્મ ૮ ઓગસ્ટ ૧૯૦૩ના રોજ બ્રિટિશ ભારતના બોમ્બે પ્રેસિડેન્સીના બુલસર (હાલ વલસાડ) શહેરમાં થયો હતો. તેમણે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વલસાડમાં પૂર્ણ કર્યું અને ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. ૧૯૨૧ થી ૧૯૨૫ સુધી, તેમણે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત ગુજરાત કોલેજમાં અભ્યાસ કર્યો જ્યાં તેમણે રામનારાયણ વી. પાઠક પાસેથી ગુજરાતીમાં અને ઈન્દ્રભૂષણ મજમુદાર પાસેથી બંગાળીમાં ડિગ્રી મેળવી. ત્યારબાદ, તેઓ ૧૯૨૫-૨૬માં બંગાળીમાં ઉચ્ચ અભ્યાસ માટે શાંતિનિકેતન ખાતે વિશ્વભારતીમાં જોડાયા. તેમણે ક્ષિતિમોહન સેન પાસેથી બંગાળી અને રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યનો અભ્યાસ કર્યો, અને પછી તેમણે ૧૯૨૬માં ગુજરાત વિદ્યાપીઠમાં થોડા સમય માટે શિક્ષણ આપ્યું. તેમણે ૧૯૪૪ થી ૧૯૪૭ સુધી નવજીવન ટ્રસ્ટ સાથે કામ કર્યું, અને બાદમાં, તેમણે ગુજરાત વિદ્યા સભા દ્વારા સંચાલિત બીજે વિદ્યાભવનમાં શિક્ષણ આપ્યું. તેમણે ૧૯૫૫ થી ૧૯૬૯ સુધી અમદાવાદની એચ કે આટ્‌ર્સ કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કર્યું. ૧૯ જાન્યુઆરી ૧૯૯૩ ના રોજ તેમનું અવસાન થયું.

**પુરસ્કારો :** ૧૯૭૦માં તેમના વિવેચનાત્મક કાર્ય અભિનવ રસવિચાર માટે તેમને પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૯૦માં તેમને રણજીતરામ સુવર્ણ ચંદ્રક પુરસ્કાર અને ૧૯૯૧માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર મળ્યો હતો.

## આજની વાર્તા

એક વાર દરબાર ભર્યો હતો, બીજા દરબારીયોની સાથે બીરબલ પણ હતો. અકબરે એક સવાલ પૂછ્યો, જેને સાંભળીને દરબારીઓના વિચિત્ર હાલ થયા. અકબરે પૂછ્યુ - 'સત્ય-અસત્ય વચ્ચે કેટલું અંતર હોય છે, બે ત્રણ કે ચાર શબ્દોમાં ઉત્તર આપો.

સવાલ સાંભળીને બધા દરબારીઓ વિચાર કરવા માંડ્યા. પછી અકબરે બીરબલની સામે જોયું, બીરબલ સિવાય આ પ્રશ્નનો ઉત્તર કોણ આપ? અકબરે કહ્યુ - બીરબલ તુ જ કહે મારા પ્રશ્નનો જવાબ.

બીરબલે કહ્યુ- ''મહારાજ! તમારા પ્રશ્નનો ઉત્તર છે, સત્ય અને અસત્ય વચ્ચે ચાર આંગળીનું અંતર છે.

અકબર અને દરબારીઓને વાત ન સમજાઈ, અકબરે કહ્યુ- બીરબલ, જરા વિસ્તૃત સમજાવીશ કે નહી? બીરબલે આપ્યો જવાબ- શ્રીમાન, આંખો કાનથી હોય છે ચાર આંગળી દૂર, કાનથી સાંભળેલી વાતો હોય છે ખોટી અને આંખોથી જોયેલી વાત હોય છે સાચી.

અકબર બીરબલની વાત સાંભળીને બાગ-બાગ થઈ ગયા, તેમણે બિરબલની ખુબ જ પ્રશંસા કરી.

# જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીએ ચીખલી તાલુકાની મુલાકાત લીધી:શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ અને કાયદો-વ્યવસ્થાની કામગીરીની સમીક્ષા કરી

## ચીખલી તાલુકામાં ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા અને તડીપાર કરવાના કેસોમાં કાર્યવાહી કરી પ્રાંત અધિકારીને દરખાસ્ત મોકલવા સૂચના આપી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૭**

નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનિષ ગુરવાનીએ ચીખલી તાલુકાની વિવિધ સરકારી કચેરીઓ તેમજ ગામોની સ્થળ મુલાકાત લઈ વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વિવિધ વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કલેક્ટરશ્રીએ સૌપ્રથમ ચીખલી તાલુકાના મીણકચ્છ ગામની મુલાકાત લીધી હતી. તેઓએ પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓને ઉપલબ્ધ સુવિધાઓ તેમજ શાળાની કામગીરી અંગે માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગામના વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી. ગ્રામજનાએ રજૂ કરેલા વિવિધ પ્રશ્નો ધીરજપૂર્વક સાંભળી સંબંધિત વિભાગોને નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવા સૂચના આપી હતી.

કલેક્ટરશ્રીએ ગામની આંગણવાડીની મુલાકાત દરમિયાન બાળકોને મળતી સેવાઓ તથા સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. આંગણવાડી કાર્યકરાને કુપોષિત બાળકોની નિયમિત દેખરેખ રાખવા, તેમના વજન અને વૃદ્ધિની સમયાંતરે નોંધણી કરવા તેમજ બાળકોને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે વાલીઓને જરૂરી સમજ આપવા સૂચના આપવામાં આવી હતી. કુપોષિત બાળકોના વાલીઓ સાથે સતત સંપર્કમાં રહી બાળકના આરોગ્ય અને પોષણની સ્થિતિમાં સુધારો થાય તે માટે જરૂરી પગલાં લેવા પણ જણાવાયું હતું. ગ્રામ પંચાયતના જૂના કોમ્યુનિટી હોલને તોડી તેના સ્થાને નવી આંગણવાડીનું બાંધકામ કરવા જરૂરી મંજૂરી મેળવી દરખાસ્ત મોકલવાની કાર્યવાહી હાથ ધરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

કલેક્ટરશ્રીએ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનની મુલાકાત લઈ જાહેર વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. લાભાર્થીઓને સમયસર અને પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે છે કે નહીં તેની વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



-તસવીરઃ દિપક સોલંકી

ચીખલી રેફરલ હોસ્પિટલની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓ, ઉપલબ્ધ સાધન-સામગ્રી, માનવબળ તેમજ દર્દીઓને આપવામાં આવતી સારવાર અંગે માહિતી મેળવી હતી. આરોગ્ય સંબંધિત જરૂરી સુવિધાઓ વધુ અસરકારક રીતે ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત કલેક્ટરશ્રીએ ચીખલી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી. પોલીસ વિભાગને લગતા પ્રશ્નોની ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા અને તડીપાર કરવા યોગ્ય વ્યક્તિઓના કેસોમાં નિયમ મુજબ કાર્યવાહી માટે પ્રાંત અધિકારીને દરખાસ્ત મોકલવા સૂચના આપી હતી.

આ પ્રસંગે પ્રાંત અધિકારી શ્રી મિતેશ પટેલ, તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી ભાવનાબેન યાદવ, મામલતદાર શ્રી મેસુરીયા, સરપંચશ્રી, સંબંધિત વિભાગોના અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધૂત ટ્રાન્સમિશન લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૭**

ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ (the "Company") તેના રૂા.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરોનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના અગાઉના કામકાજના દિવસ એટલે કે શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. કંપનીના ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફર માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

આ ઓફર માટે રૂા.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૮૨૯થી રૂા. ૮૭૧ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૭ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૭ શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. ફ્લોર પ્રાઈસ અને કેપ પ્રાઈસ અનુક્રમે ઈક્વિટી શેરની ફેસ વેલ્યૂના ૪૧૪.૫૦ ગણી અને ૪૩૫.૫૦ ગણી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ માટે કંપનીની ડાઈલ્યુટેડ ઈપીએસના આધારે પ્રાઈસ ટુ અર્નિંગ્સરેશિયો ("P/E") પ્રાાઈસ બેન્ડના નીચલા સ્તરે (એટલે કે ફ્લોર પ્રાઈસ) ૩૩.૯૮ ગણો અને ઉપરના સ્તરે (એટલે કે કેપ પ્રાઈસ) ૩૫.૭૦ ગણો છે, જ્યારે સમાન ઉદ્યોગની અન્ય કંપનીઓનો સરેરાશ પી/ઈરેશિયો ૫૫.૩૧ ગણો છે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન હેઠળ બિડ કરનારા પાત્ર કર્મચારીઓને દરેક ઈક્વિટી શેર દીઠ રૂા. ૮૦નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન નેટવર્થ પર સરેરાશ વેઈટેડ રિટર્ન ૨૭.૦૬ ટકા રહ્યુ છે.

આ ઓફરમાં રૂા.૧,૪૦૦ કરોડ સુધીના નવા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") તેમજ હાલના કેટલાક શેરધારકો દ્વારા કુલ ૧,૯૧,૩૭,૬૦૨ ઈક્વિટી શેરના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. તેમાં BC Asia Investments XV Limited ("Promoter Selling Shareholder") દ્વારા રૂા.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા ૧૬,૦૧૮,૭૬૯ ઈક્વિટી શેર અને મંગલમ્ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ મંગલમ્ કોઈન્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) ("Promoter Group Selling Shareholder", together with Promoter Selling Shareholder, the "Selling Shareholders") દ્વારા રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા ૩,૧૧૮,૮૩૩ ઈક્વિટી શેરના વેચાણનો સમાવેશ થાય છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, જેફ્રીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સિક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માકેટ્‌સ લિમિટેડ અને ૩૬૦ વન ડબ્લ્યુએએમ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર છે.

# મુંબઈ મુલુંડ લાયન્સ કલબ દ્વારા કપરાડા તાલુકાના અંતરિયાળ ગામે પૂરપીડિતોને સહાય સામગ્રીનું વિતરણ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા. ૦૭**

કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારના પુરગ્રસ્ત લોકોના વ્હારે લાયન્સ કલબ મુલુંડ મુંબઈ તેમજ લાયન્સ કલબ ઓફ પારડી પર્લ તથા કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારાજીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથની કિટ વિતરણ કરવામાં આવી હતી.

અતિભારે વરસાદને કારણે સમગ્ર વલસાડ જિલ્લો પૂરની ચપેટમાં આવી ગયો છે. કાચા પાકા મકાનમાં રહેતા લોકોથી માંડીને મોટા પાકા ઘરામાં રહેતા લોકો ભયંકર આપદામાં મુકાઈ ગયા છે. ઘરની અંદરથી કપડાં, માલસામાન, રાશન વગેરે તમામ ચીજવસ્તુઓ પાણી સાથે વહી ગઈ છે. માંડ માંડ પહેરેલાં કપડાં સાથે જીવ બચાવીને જીવેલા લોકોને વ્હારે અનેક સેવાકીય સંસ્થાઓ, સરકારી તંત્ર દ્વારા વિવિધ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરાઈ રહી છે. ત્યારે આવા સંદેશો છેક મુંબઈ મહારાષ્ટ્ર સુધી પહોંચવા પામ્યો હતો. જેને લઈ મુલુંડ મુંબઈ લાયન્સ ક્લબના પ્રેસિડેન્ટ રાજેશ ઠક્કર તથા તેમની ટીમને મળતાં જ તેમણે પારડી લાયન્સ કલબ ઓફ પારડી પર્લનો સંપર્ક કરી પૂરગ્રસ્ત પરિવારોને મદદ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી અને જેને લઈ આજે મુંબઈથી તેમની ટીમ સાથે કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારના નદી કિનારાના વિસ્તારોના પૂરગ્રસ્ત પરિવારોના પૂરના પાણીમાં બધુ જ વહી ગયુ છે એટલે આપણે સાથે મળીને કંઈક મદદરૂપ થઇ શકેએ એવા વિચારો સાથે મુંબઈથી સામાન ભેગુ કરીને સરસ મજાની થોડા દિવસ ચાલે તેવી ખાવાનું ખાઇ શકાય તેવી રાશનની કિટ, વાસણો, તાલપત્રી, કપડા, છત્રી વિગેરે તૈયાર કરવામાં આવી હતી જે કિટ તેમના સ્ટાફ સાથે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ તથા કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં વરસાદનો ભોગ બનેલા ૫૦થી વધુ કુટુંબાને અનાજ, રાશન, વાસણો, તાડપત્રી, છત્રી વગેરેની મદદ પૂરી પાડી છે. જેમાં લાયન્સ કલબ ઓફ મુલુંડ મુંબઈના પ્રેસિડેન્ટ રાજેશ ઠક્કર, લાયન્સ સેક્ટરી પલ્લવી અગ્વાલ, લાયન્સ ગૌરવ શાહ, લાયન્સ દિલીપ સીરગાવકર, લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના પ્રેસિડેન્ટ લા.પ્રેમલસિંહ ચૌહાણ, ખજાનચી લા.ભરતભાઈ દેસાઈ ઉપરાંત ક્લબ મેમ્બર્સ શાંતિલાલ પટેલ, લાયન્સ કેઝાર મુસાની કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના નિતિન પટેલ સાથે રહીને પુરપીડિતોને ૫૦ જેટલા પરિવારોને રોજીંદા જીવન જરૂરિયાતની કિટ વિતરણ કરવામાં આવી હતી.

મુંબઈ મુલુંડ લાયન્સ મેબરસ, કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહી સેવા બજાવી હતી.

# મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડના ઈક્વિટી શેર્સનો આઈપીઓ મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ખુલશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૭**

મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ખુલ્લી મુકશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ છે. બિડ/ઓફર ગુરૂવાર, ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ છે.

ઓછામાં ઓછા ૧૦૭ ઈક્વિટી શેર અને ત્યારબાદ તેના ૧૦૭ શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે.પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૧૩૩થી રૂા.૧૪૦ નક્કી કરવામાં આવ્યો છે. આ ઓફરની કુલ સાઈઝ રૂા.૨ની ફેસ વેલ્યુ ધરાવતા સુધીના ઈક્વિટી શેરની છે, જેની કુલ કિંમત રૂા.૧૫,૫૩૦.૦૦ મિલિયન સુધી રહેશે.




ઓફરમાં રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે,જેની કુલ કિંમત રૂા.૧૪,૨૮૦.૦૦ મિલિયન સુધીની છે. ઉપરાંત, સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો પણ સમાવેશ થાય છે,

જેની કુલ કિંમત રૂા. ૧,૨૫૦.૦૦ મિલિયન સુધીની છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ હેઠળ ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

આ ઓફરના હેતુ માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે.જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

# દેવસર વિદ્યાર્થી હોસ્ટેલથી આતલિયા સુધી એસ.ટી.બસ સેવા શરૂ થતાં વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી

## શાળાના આચાર્યએ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલનો માનેલો હૃદયપૂર્વક આભાર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૭**

દેવસર વિદ્યાર્થી હોસ્ટેલથી આતલિયા સુધી હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ થતાં અંતરિયાળ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.આ મહત્વપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલનો મંગળદાસ વિભાગ કેળવણી મંડળ, વાણિયામીલ હાઈસ્કૂલ, આતલિયા, દેવસર વિદ્યાર્થી હોસ્ટેલના વિદ્યાર્થીઓ, વાલીગણ તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.



-તસવીરઃ દિપક સોલંકી

મંત્રીશ્રીના શિક્ષણપ્રેમી અભિગમ, સંવેદનશીલ નેતૃત્વ અને સમયસરના હસ્તક્ષેપના પરિણામે શરૂ થયેલી આ બસ સેવાના કારણે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવા માટે નિયમિત, સુરક્ષિત અને સુવિધાજનક પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ બની છે. આ સુવિધાથી વિદ્યાર્થીઓની શાળામાં હાજરી વધુ નિયમિત બનશે, અભ્યાસમાં સતતતા જળવાશે અને તેમના શૈક્ષણિક વિકાસને પણ વેગ મળશે. સાથે સાથે વિદ્યાર્થીઓના વાલીઓમાં પણ સુરક્ષા અને સંતોષની ભાવના વધશે.

મંગળદાસ વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણ વાણિયામીલ હાઈસ્કૂલ, આતલિયાના આચાર્યશ્રી તથા સમગ્ર શાળા પરિવારે જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓના શિક્ષણ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ સુવિધા અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

આ માટે કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર. વિદ્યાર્થી કલ્યાણ અને શિક્ષણની સુવિધાઓને પ્રાથમિકતા આપતા આ નિર્ણયને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા પરિવાર દ્વારા આવકારવામાં આવ્યો છે.

ભવિષ્યમાં પણ શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણના કાર્યોમાં મંત્રીશ્રીનું માર્ગદર્શન અને સહયોગ મળતો રહે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક
गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. ● E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com ● Web: www.vartmanpravah.com



સાધન અને સાધ્ય બંને પવિત્ર હોવા જોઈએ.
- મહાત્મા ગાંધીજી

'ડેરી એનાલોગના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ': ખોરાક અને ઔષધ નિયમન તંત્ર વલસાડ દ્વારા સઘન કાર્યવાહી

# વલસાડ જિલ્લાની વિવિધ ડેરીમાંથી આશરે ૭૫.૪ કિલો એનાલોગ પનીરનો નાશ કરાયો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડ સર્કલ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, ગાંધીનગરના હુકમ અન્વયે જાહેર આરોગ્યના હિતમાં એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ તથા તેના અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ અનુસાર, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારીના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે. વલસાડ સર્કલ વિસ્તારમાં ડેરી એનાલોગના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણને પ્રતિબંધિત કરવા માટે કચેરીના ફૂડ સેફટી ઓફિસરોની ટીમ દ્વારા વિવિધ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ તપાસ ઝુંબેશ દરમિયાન વલસાડ, વાપી, ઉમરગામ, અને પારડી સહિતના વિસ્તારોની અનેક ડેરીઓમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં મોટા પ્રમાણમાં એનાલોગ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓ દ્વારા ગોકુલ ડેરી અને સ્વિટ (ઉમરગામ)માંથી ૪ કિલો, શ્રી સાંવરીયા ડેરી (ઉમરગામ)માંથી ૩ કિલો, રાધા કૃષ્ણ ડેરી (ઉમરગામ)માંથી ૫ કિલો, ભેરૂનાથ ડેરી (વાપી)માંથી ૧ કિલો અને શ્રી ધરમરાજ ડેરી (વાપી)માંથી ૧૩ કિલો એનાલોગ પનીરનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, શિવ આરતી ડેરી (વાપી)માંથી ૬ કિલો, શ્રી સાવરીયા ડેરી એન્ડ સ્વીટ (વાપી)માંથી ૪.૯ કિલો, ધારા ડેરી(પારડી)માંથી ૨ કિલો, ધર્મરાજ ડેરી(વાપી)માંથી ૭ કિલો, ગોકુલ ડેરી(પારડી)માંથી ૨૨ કિલો, માતેશ્વરી ડેરી(વાપી)માંથી ૪.૫ કિલો અને લક્ષ્મી ડેરી (વાપી)માંથી ૩ કિલો એનાલોગ પનીર સ્થળ પર જ નાશ કરવામાં આવ્યું હોવાનું ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડ દ્વારા જણાવાયું છે.

તંત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર કામગીરી દરમિયાન મારડિયા ફૂડ પ્રોડક્ટ, આયુષી ડેરી, મનીષ ડેરી, શ્રીજી ડેરી, ભરૂચા ડેરીની વિવિધ શાખાઓ, યાદવ ડેરી, ગોકુલ ડેરી (સ્ટેશન રોડ, ઉમરગામ), સૈયદ અલી ડેરી, નટરાજ ડેરી, સાવરીયા ડેરી (સરીગામ), ગોપાલ ડેરી ફાર્મ, શ્રી સાવરીયા ડેરી (છરવાડા) અને મારૂતિ એન્ટરપ્રાઈઝ (અંબાચ) જેવા અન્ય એકમોમાં પણ સઘન તપાસ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહીના અંતે કુલ ૭૫.૪ કિલો શંકાસ્પદ એનાલોગ પનીરનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે, જેની અંદાજિત કિંમત રૂા.૨૨,૩૪૯/- જેટલી થાય છે.

ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડ સર્કલ વલસાડ દ્વારા અખબારી યાદી મારફતે જણાવવામાં આવ્યું છે કે હજુ પણ અન્ય એકમોની તપાસની કામગીરી ચાલુ છે અને જ્યાં પણ શંકાસ્પદ પનીર, બટર કે ચીઝનો જથ્થો મળી આવશે તેનો તાત્કાલિક નાશ કરી સંબંધિત એકમો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# અહો વૈચિત્રમ!! વાપી ચલામાં વહેતા ખનકા ઉપર નવી પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવશે

**ભવિષ્યમાં ખનકાનું વહેતુ પાણી મુશ્કેલી સર્જી શકે છે, મનપાએ શું સ્થળ તપાસ વગર જ બાંધકામ પરમિશન આપી દીધી?**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વાપી ચલા વિસ્તારમાં હાલની પોલીસ ચોકીની પાસે જ નવી પોલીસ ચોકીના નિર્માણની કામગીરી હાથ ધરાઈ છે. આ નવી પોલીસ ચોકીના નિર્માણમાં હાસ્યાસ્પદ વિચિત્રતા જોવા મળી રહી છે. વહેતા પાણીના ખનકા ઉપર જ નવો સ્લેબ નાખીને પોલીસ ચોકીનું નિર્માણ કાર્ય હાથ ધરાયું છે. શું ખનકીનું વહેતુ પાણી પોલીસ ચોકીને હાની નહીં પહોંચાડી શકે તેની કોઈ ગેરંટી ખરી!

સરકારી કામકાજ અધ્ધરતાલ ધકેલ પંચા દોઢસો જેવા ચાલતી પરંપરા વારંવાર ઉજાગર થતી જોવા મળતી રહે છે. કંઈક નવી વાસ્તવિકતા ધરાવતી સ્થિતિ વાપી ચલા વિસ્તારમાં જોવા મળી રહી છે. ચલા હાલની પોલીસ ચોકીની પાસે જ નવી પોલીસ ચોકી બનાવવાનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ સ્વાભાવિક નિર્માણ કાર્ય નથી પણ અસ્વાભાવિક છે એ એટલા માટે કે નવી પોલીસ ચોકીનું નિર્માણ કાર્ય વહેતા પાણીના ખનકા ઉપર સ્લેબ માટીને કરવામાં આવી રહ્યું છે. આ ખનકાનું પાણી ભવિષ્યમાં શું મુશ્કેલી ઉભી નહી કરી શકે? મનપાના અધિકારી કે જવાબદારોએ સ્થળ વિઝિટ કર્યા સિવાય બાંધકામની પરવાનગી આપી દીધી હોવાનું સ્થળ ઉપર જોતા જણાઈ આવે છે.

# વલસાડ રેલવે હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને રૂ.૧૦ લાખની લાંચ લેતા ગાંધીનગર એન્ટી કરપ્શન ટીમે ટ્રેપ ગોઠવી ઝડપી લીધો

**ઓફિસ સુપ્રિ. વિશ્વેશ્વર બહેરા મેડિકલ રિએમ્બર્સમેન્ટ બિલ મંજુર કરવા માટે લાંચ માંગી હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વલસાડ રેલવેમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ કર્મચારીએ ગાંધીનગર સીબીઆઈને ફરિયાદ કરી હતી કે તેમની પાસે મેડિકલ રિઈમ્બર્સમેન્ટ બિલોને ક્લિયર કરવા માટે વલસાડ રેલવે હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ વિશ્વેશ્વર બહેરા રૂા.૨૦ હજારની લાંચની માગણી કરી હતી. ફરિયાદની ચકાસણી બાદ સીબીઆઈએ ટ્રેપ ગોઠવી હતી. જેમાં સુપ્રિ. બહેરા રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયો હતો.

યોજના અને વાતચિત થયા મુજબ પ્રથમ હપ્તા પેટે રૂા.૧૦ હજાર આપવામાં આવ્યા હતા. શહેરમાં ફરિયાદીએ આરોપીને વિશ્વેશ્વર બહેરાને રૂપિયા આપતો સીબીઆઈએ ઝડપી પાડ્યો હતો. ફરિયાદી ગણદેવીના દેસાદ ગામના વતી છે. ફરિયાદીના પિતા સ્વ.બિનુભાઈ પટેલ રેલવેનો પેન્શનર હતા. તેમને બ્રેઈન હેમરેજ થતા સુરત કિરણ હોસ્પિટલમાં ૩૦ જુલાઈ ૨૦૨૫માં દાખલ કરાયા હતા. તેમની સારવારનો ખર્ચ રૂા.૬,૯૫,૩૨૬ થયો હતો. બાદમાં ઓગસ્ટમાં તેમનું મૃત્યુ થયું હતું. આ માટે પૂત્રએ મેડિકલ બિલ રિઈમ્બર્સમેન્ટ માટે વલસાડ રેલવે હોસ્પિટલમાં ૧૫ જુલાઈ ૨૦૨૬માં તમામ દસ્તાવેજ ફોર્મેટ ફાઈલ કર્યા હતા. જેને મંજુર કરવા સુપ્રિ. બહેરાએ રૂા.૨૦ હજારની લાંચ માગી હતી.

વલસાડમાં ૨૪ કલાક ચોરીનો બીજો બનાવ બન્યો

# તિથલ રોડ પૂજા અભિષેક ફલેટમાં ધોળા દિવસે તસ્કરોએ ચોરી કરી

**૨૦ લાખ ઉપરાંતના ઘરેણાં અને રોકડા રૂપિયાની ચોરી થતા શહેરમાં ચકચાર**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વલસાડ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ચોરીનો બનાવ બન્યો છે. ગતરોજ નાની ખત્રીવાડ વિસ્તારમાં આવેલ મિતુલ ચેમ્બર્સમાં તસ્કરોએ પાંચ દુકાનોના તાળા તોડી હાથ ફેરો કર્યો હતો ત્યાં આજે શુક્રવારે તિથલ રોડ જેવા પોશ એરીયામાં આવેલ પૂજા અભિષેક ફલેટના બંધ ઘરના તાળા ધોળા દિવસે તોડી તસ્કરો રૂા.૨૦ લાખ ઉપરાંતના ઘરેણા કબાટ તોડીને ચોરી ગયા હતા. ઘરમાં રાખેલા રોકડા રૂપિયા પણ ચોરાઈ ગયા હતા.

તિથલ રોડ સ્થિત પૂજા અભિષેક ફલેટમાં રહેતો પરિવાર સવારે ઘર બંધ કરીને કામકાજ નોકરી માટે નિકળી ગયો હતો તેની તક લઈને તસ્કરોએ ખરા બપોરે બંધ ફલેટના તાળા તોડ્યા હતા. ઘરની વૃધ્ધા બપોરે ઘરે આવી તો જોયું કે ફલેટના મુખ્ય દરાવાજાના તાળા તૂટેલા હતા. તેથી ઘરમાં જઈ તપાસ કરી તો કબાટ તોડી કબાટમાં રાખેલા રૂા.૨૦ લાખ ઉપરાંતના ઘરેણા અને રોકડા રૂપિયા ચોરાઈ ગયાના જોવા મળતા વૃધ્ધા ફસડાઈ પડ્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરાઈ હતી. ૨૪ કલાકમાં વલસાડ શહેરમાં ચોરીના એક સાથે બે બનાવ બનતા શહેરભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# ગુજરાત હાઈકોર્ટના નવા નોટિફિકેશન સામે વાપી કોર્ટના વકીલોએ હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં નવુ નોટિફિકેશન બહાર પાડ્યું છે. જેનો વિરોધ રાજ્યભરના વકીલો કરી રહ્યા છે. આ વિરોધમાં વાપી કોર્ટના વકીલોએ પણ હડતાલ પાડી નવા નોટિફિકેશનનો વિરોધ નોંધાવ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટ બહાર પાડેલી નવી ગાઈડલાઈન મુજબ અદાલતમાં દાખલ કરવામાં આવતી દરેક અરજીને માત્ર નિર્ધારીત આકારના નક્કી કરેલ ફોન્ટમાં ટાઈપ કરેલ હશે તો જ સ્વિકારવામાં આવશે જે પ્રેક્ટિકલ નથી તેથી રાજ્યભરના વકીલોએ નવી ગાઈડલાઈનનો વિરોધ કર્યો છે. સુનાવણી દરમિયાન વકીલે ક્યારેક હાથથી પણ અરજી કે પેપર જાતે લખીને તૈયાર કરવા પડે છે. ત્યારે નવી ગાઈડલાઈન નોટિફિકેશનનું પાલન કરવું અસીલ અને વકીલ માટે વહેવારીક કે પ્રેક્ટિકલ નથી. ન્યાયિક કામગીરીમાં મુશ્કેલી ઉભી કરી શકે છે. તેથી આ નોટિફિકેશનનો વાપી કોર્ટના વકીલોએ પણ વિરોધ કરી હડતાલ પાડી હતી અને વકીલોએ માંગ કરી હતી કે હાઈકોર્ટ આ નોટિફિકેશનને તાત્કાલિક પાછું ખેંચે.

# વલસાડ જિલ્લામાં હર ઘર તિરંગા યાત્રા થશેઃ ૧૩ ઓગસ્ટે વાપી ખાતે જિલ્લા કક્ષા કાર્યક્રમ યોજાશે

**નાગરીકોને અભિયાનમાં જોડાવા જિલ્લા વહીવટી તંત્રની અપીલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

રાજ્યભરમાં તા.૭ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા યાત્રા યોજાશે. વલસાડ જિલ્લામાં હર ઘર તિરંગા યાત્રાને અનુલક્ષી વલસાડ કલેક્ટર શ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં કલેક્ટરાલય ખાતે બેઠક મળી હતી. બેઠકમાં થયેલી ચર્ચા મુજબ વલસાડ જિલ્લા કક્ષાનો હર ઘર તિરંગા કાર્યક્રમ તા.૧૩-૮-૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે વાપી મહાનગર પાલિકા ખાતે થશે.

આ યાત્રામાં શહેરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાય તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આહ્વાન કરાયું છે. આ યાત્રા અંતર્ગત પોલીસ બેન્ડ દ્વારા દેશ ભક્તિ આધારિત ધૂન રજૂ કરવામાં આવશે. ઘોડેસવાર સજ્જ પોલીસ જવાનો સાથેની તિરંગા યાત્રા શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. સાથે સાયકલ, બાઈક રેલી પણ થશે. સાંસ્કૃતિક ટીમો, એનએસએસ, એનસીસી સહિત શાળા કોલેજોના વિદ્યાર્થીઓ પણ આ યાત્રામાં જોડાશે. આ તિરંગાયાત્રાને વંદે માતરમ ૧૫૦ વર્ષની ઉજવણી સાથે જોડ વંદે માતરમનું મૂળ સ્વરૂપમાં ગાન કરવામાં આવશે.

યુવા વિકાસ અધિકારી શ્રીમતી હેમાલીબેનના જણાવ્યા અનુસાર જિલ્લામાં ગ્રામ્ય, તાલુકા, નગરપાલિકા તમામ વિસ્તારોમાં તિરંગાયાત્રા યોજાશે. સાથે શાળા કોલેજોમાં વ્યાખ્યાન, ચર્ચાસભા, પ્રદર્શન સહિત જાગૃતિના કાર્યક્રમો થશે. આ યાત્રા સાથે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસના સંવેદનશીલતા અને ગૌરવપૂર્ણ ઉજવણી પણ થશે. જેમાં ભારતના વિભાજન દરમિયાન સહન કરેલી પીડા અને બલિદાનનું સ્મરણ કરવામાં આવશે. તા.૧૪મી ઓગસ્ટે વલસાડ ખાતે પણ કેન્ડલ માર્ચ થશે. આ યાત્રા દરમિયાન નાગિરકો સેલ્ફી લઈ www.harghartiranga.com વેબસાઈટ પર અપલોડ કરી શકશે. જિલ્લાના નાગરિકોને હર ઘર તિરંગાયાત્રામાં જોડાવા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# હિન્દુ સંસ્કૃતિ,શાસ્ત્રો અને સંતાનું અપમાન હવે સહન નહીં થાય : પ્રિ.બી એન. જોષી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૭**

કિલ્લા પારડી બાલાખાડીમાં અખિલ ભારતીય બ્રહ્મ સમાજના ગુજરાત પ્રમુખ પ્રિ.બી.એન.જોષીના નિવાસે કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બ્રહ્મ સમાજની સભામાં દિલ્હીમાં પપ્પુ યાદવ, સનાતન ધર્મ વિરોધીઓને ખુલ્લો પડકાર આપતાં પ્રિ. બી.એન.જોષીએ કહ્યું હતું કે હિન્દુ સંસ્કૃતિ, શાસ્ત્રો અને સંતોનું અપમાન હવે સહન કરવામાં નહીં આવે, એની સામે એફ.આર. આઈ. કરીને કેસ કરવાની અમારી તૈયારી છે.

અધ્યક્ષ સ્થાનેથી કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ કહ્યું હતું કે, હિન્દુ થઈને હિન્દુનો વિરોધ કરે એના ડી.એન.એ. ટેસ્ટની ખાસ જરૂર છે. ભારત આલી, મવાલીનો દેશ નથી, સંતો, શૂરવીરોનો દેશ છે એટલે આવા ખાટ સ્વાદિયાઓએ બકવાસ કરવાનું બંધ કરવું જોઈએ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સનાતન ધર્મ, સંતોને અને તીર્થ સ્થાનોને સન્માનિત કરી રહ્યા છે, ત્યારે પપ્પુ યાદવ જેવા મૂર્ખ માણસો ખોટે રસ્તે ચાલીને શાંત પાણીમાં પથરો નાંખી રહ્યા છે એનું પરિણામ ભોગવા તૈયાર રહેવું પડશે. આજની સભામાં શ્રી કેતનભાઈ ભટ્ટ, શ્રી રાજેશભાઈ પૂરોહિત, શ્રી અશ્વિનભાઈ ભટ્ટ, શ્રી હિમાંશુ પંડિયા, શ્રી પુનિત મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે બ્રહ્મ સમાજનો પ્રચંડ વિરોધ વ્યક્ત થયો હતો.

# પારડીના ઓરવડથી દમણ જવા નીકળેલો યુવક ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**



પારડીના ઓરવાડ શુભ એવેન્યૂ સોસાયટી માણેકનગર ખાતે પોતાના મામા પ્રકાશભાઈ બાલુભાઈ પટેલના ઘરે રહેતા પ્રજ્જવલ પટેલ તા.૨૬/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧-૩૦ વાગ્યા આસપાસ તેઓ ઘરે 'ટ્રાવેલ્સ અને ટ્રેડિંગના કામે દમણ જાઉં છું' એમ જણાવી નીકળ્યા હતા. તેઓ થોડા દિવસોમાં ઘરે આવી જતા હતા પરંતુ આજદિન સુધી પરત ફર્યા નથી અને તેમની કોઈ ભાળ મળી નથી. ગુમ પ્રજ્જવલ મધ્યમ બાંધો, શ્યામવર્ણ અને ૫ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે બ્રાઉન કલરની ટી-શર્ટ, બ્લ્યૂ કલરનો પેન્ટ અને કાળા કલરના ચપ્પલ પહેરેલા હતા. જો કોઈને પણ આ યુવકની ભાળ મળે તો પારડી પોલીસ સ્ટેશનનો, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.



## પશ્ચિમ રેલવે ગણપતિ ઉત્સવ માટે ખાસ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09114 | વડોદરા - રત્નાગિરિ (સાપ્તાહિક) | ૧૫.૦૯.૨૦૨૬ | ૧૧:૧૫ કલાકે (મંગળવાર) | ૦૦.૩૦ કલાકે (બીજા દિવસે) |
| 09113 | રત્નાગિરિ - વડોદરા (સાપ્તાહિક) | ૧૬.૦૯.૨૦૨૬ | ૦૧:૩૦ કલાકે (બુધવાર) | ૧૭.૩૦ કલાકે (એ જ દિવસે) |
| **રોકાણ :** ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુન, અરવલ્લી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનોની બંને દિશાઓમાં. | | | | |
| **રચનાઃ** ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09110 | વિશ્વામિત્રી - રત્નાગિરિ (દ્વિ-સાપ્તાહિક) | ૧૨.૦૯.૨૦૨૬ થી ૨૩.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ કલાકે (બુધ અને શનિ) | ૦૦.૩૦ કલાકે (બીજા દિવસે) |
| 09109 | રત્નાગિરિ - વિશ્વામિત્રી (દ્વિ-સાપ્તાહિક) | ૧૩.૦૯.૨૦૨૬ થી ૨૪.૦૯.૨૦૨૬ | ૦૧:૩૦ કલાકે (ગુરૂ અને રવિ) | ૧૭.૩૦ કલાકે (એ જ દિવસે) |
| **રોકાણ :** ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન, સાવરદા, અરવલ્લી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનોની બંને દિશાઓમાં. | | | | |
| **રચનાઃ** એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09124 | વિશ્વામિત્રી - રત્નાગિરિ (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ અને ૨૧.૦૯.૨૦૨૬ | ૦૫:૫૫ કલાકે (સોમવાર) | ૨૦.૦૦ કલાકે (એ જ દિવસે) |
| 09123 | રત્નાગિરિ - વિશ્વામિત્રી (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ અને ૨૧.૦૯.૨૦૨૬ | ૨૧:૦૦ કલાકે (સોમવાર) | ૧૧.૪૫ કલાકે (બીજા દિવસે) |
| **રોકાણ :** ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન અને સંગમેશ્વર રોડ સ્ટેશનોની બંને દિશાઓમાં. | | | | |
| **રચનાઃ** એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09022 | ઉધના - રત્નાગિરિ (સાપ્તાહિક) | ૧૭.૦૯.૨૦૨૬ અને ૨૪.૦૯.૨૦૨૬ | ૦૮:૦૫ કલાકે (ગુરૂવાર) | ૨૦.૦૦ કલાકે (એ જ દિવસે) |
| 09021 | રત્નાગિરિ - ઉધના (સાપ્તાહિક) | ૧૭.૦૯.૨૦૨૬ અને ૨૪.૦૯.૨૦૨૬ | ૨૧:૦૦ કલાકે (ગુરૂવાર) | ૧૦.૨૦ કલાકે (બીજા દિવસે) |
| **રોકાણ :** વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન અને સંગમેશ્વર રોડ સ્ટેશનોની બંને દિશાઓમાં. | | | | |
| **રચનાઃ** એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09030 | વલસાડ - રત્નાગિરિ (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ | ૧૪:૫૦ કલાકે (સોમવાર) | ૦૨.૩૦ કલાકે (બીજા દિવસે) |
| 09029 | રત્નાગિરિ - વલસાડ (સાપ્તાહિક) | ૧૫.૦૯.૨૦૨૬ | ૦૩:૧૦ કલાકે (મંગળવાર) | ૧૬.૧૫ કલાકે (એ જ દિવસે) |
| **રોકાણ :** વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન, સાવરદા, અરવલ્લી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનોની બંને દિશાઓમાં. | | | | |
| **રચનાઃ** એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

સ્ટોપેજ, રોકાણનો સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09114, 09110, 09124, 09022 અને 09030 માટે બુકિંગ 09.08.2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTCની વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષિત ટિકિટો માટે કૃપા કરીને મૂળ ઓળખપત્ર સાથે રાખો.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# સાયબર છેતરપિંડીથી બચવા ડિજિટલ લિટરસી આવશ્યક

**આ**ર્થિક ક્ષેત્રે આધુનિકતાના વ્યાપ સાથે જ સતત વધી રહેલા આર્થિક ગુના ઉપર નિયંત્રણ રાખવા તરફ હવે સર્વોચ્ચ અદાલતે વધારે આકરું વલણ અપનાવ્યું છે. રિઝર્વ બેંકને બહુજન હિતાય આપેલા આદેશમાં કોર્ટે ચાર સપ્તાહની અંદર એસ.ઓ.પી. બનાવવા આદેશ કર્યો છે. અન્ય કેટલાક મહત્ત્વના નિર્દેશ પણ આપીને કોર્ટે કહ્યું છે કે, આ પ્રકારના ગુના શક્ય તેટલા જલ્દી અટકવા જોઈએ. કોર્ટની ચિંતા સમયસરની અને યોગ્ય છે. સ્માર્ટ મોબાઈલ ફોન, આર્થિક વ્યવહારો માટેની વિવિધ એપ્લિકેશન્સ સહિતની સુવિધાઓમાં સતત થઈ રહેલી વૃદ્ધિની સાથે સામાન્ય માણસોની મૂડીપૈસા ઉપર જોખમ પણ વધી રહ્યું છે. કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ રહી છે. નાણાકીય લેવડ-દેવડ સરળ બની છે, તો ગુનાખોરો માટે પણ જાણે આ પદ્ધતિઓએ ગુના આચરવાનું સહેલું કરી દીધું છે. શીર્ષ અદાલતની બેંચે કહ્યું કે, ઓનલાઈન આર્થિક ગુનામાં વપરાતા નકલી બેંક એકાઉન્ટનાં દૂષણને પહોંચી વળવા માટે ચાર અઠવાડિયામાં નિર્ધારિત સંચાલન પ્રક્રિયા એસ.ઓ.પી. રિઝર્વ બેંકે બનાવવી આવશ્યક છે. જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની પીઠે જનગણની ચિંતા કરતાં રિઝર્વ બેંકને સતર્ક કરી છે. સાયબરક્રાઈમ માટે ઉપયોગમાં લેવામાં આવતા મ્યુલ એકાઉન્ટ ઉપર કાયમી પ્રતિબંધ લગાવી દેવાનું કહેવાયું છે. ઓનલાઈન ઠગાઈમાં જેમના પૈસા ગયા હોય તેમને તે રાશિ પરત મળે તે માટે ફરિયાદ નિવારણ મોડ્યુલ દાખલ કરાયું છે તેનો ઝડપથી અમલ થાય તેવું પણ કોર્ટે તમામ રાજ્યની સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોની પોલીસને કહ્યું છે. અપરાધીઓ કોઈ વ્યક્તિનાં ખાતાંમાંથી પૈસા ઉપાડી લે કે પછી નકલી કોલ, ક્રેડિટ કાર્ડની ઓફર જેવા કારસા રચીને પૈસા પડાવી લે તેવા કેસની તપાસ ત્વરિત શરૂ થાય તે માટે થઈને ઝીરો એફ.આઈ.આર. વ્યવસ્થા અપનાવવા ઉપર જોર અપાયું છે, જેથી આવા કિસ્સાની તપાસ જલ્દી શરૂ થઈ શકે. જે ખાતાં તપાસ દરમિયાન સ્થગિત કરાયાં હોય તેનું નિરાકરણ પણ જલ્દી કરી નાંખવું જોઈએ. કોર્ટે આ વલણ અપનાવ્યું તેની સાથે અગત્યની વાત એ પણ છે કે, કોર્ટે અગાઉ જે આદેશ આપ્યા હતા તે પછી વિવિધ મંત્રાલયો, નિયામકો, તપાસ એજન્સીઓ, બેંકો દ્વારા વિસ્તૃત વિવરણ અપાયું છે અને ડિજિટલ એરેસ્ટ જેવા કિસ્સાઓ સામે પગલાં લેવામાં સારાં પરિણામ મળ્યાં છે. ૨૦૨૪માં ડિજિટલ એરેસ્ટની સંખ્યા ૧,૨૩,૬૭૨ હતી જે ૨૦૨૫માં ઘટીને ૫૮,૨૪૯ થઈ ગઈ છે. ૨૦૨૬ના જૂન માસની ૩૦મી તારીખ સુધીમાં તે ઘટીને ૧૬,૩૭૭ થઈ ગઈ છે તેવું સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ ઉપરથી બહાર આવ્યું છે. સી.બી.આઈ.એ. ૧૬ રાજ્યોના ૯૩ સ્થળો ઉપર કરેલી તપાસની કાર્યવાહીનો પણ ઉલ્લેખ કર્યો છે. દસ કરોડ રૂપિયાથી વધારેની ઠગાઈ હોય તો જ સીબીઆઈ કેસ હાથમાં લે છે તે મર્યાદા પણ ઘટાડવાની જરૂરત કોર્ટને જણાઈ છે. સુપ્રીમ કોર્ટે જેજે કહ્યું છે તે અત્યંત અગત્યનું છે. સાયબર ક્રાઈમ સત્વરે રોકાય તે અનિવાર્ય છે. આ તમામ કાનૂની કાર્યવાહીની જેને સતર્કતા અવેરનેસ કહેવાય તેવાં પગલાં પણ જરૂરી છે. ડિજિટલ લિટરસી એટલે કે કેવી રીતે આ બધા ઉપકરણ અને એપ્સનો ઉપયોગ કરવો, સાયબર છેતરપિંડીથી કેવી રીતે બચી શકાય તેની માહિતી ફેલાવવી આવશ્યક છે.

# કોંગ્રેસે તેના સાંસદોને ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટે સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જારી કર્યો

(જી.એન.એસ) **નવી દિલ્હી, તા.૦૭**

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, કોંગ્રેસે શુક્રવારે રાજ્યસભા અને લોકસભામાં તેના સાંસદોને વ્હીપ જારી કર્યો અને તેમને ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટના રોજ સંસદમાં હાજર રહેવા કહ્યું કારણ કે બંને ગૃહોમાં ''ખૂબ જ મહત્વપૂર્ણ'' મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. ત્રણ-લાઇનના વ્હીપમાં, રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય વ્હીપે કહ્યું, ''સોમવાર, મંગળવાર અને બુધવાર એટલે કે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રાજ્યસભામાં ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.''

કોંગ્રેસે તેના સાંસદોને વ્હીપ કેમ જારી કર્યો?

આદેશમાં, કોંગ્રેસે ભારતના તમામ સહયોગીઓને પણ સૂચના આપી છે કે તેમના સાંસદો ત્રણ દિવસ હાજર રહે. આવતા અઠવાડિયે સંસદમાં ચર્ચા અને પસાર થવાના અહેવાલો વચ્ચે કોંગ્રેસ તરફથી તેના સાંસદોને વ્હીપ જારી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સીમાંકન સંબંધિત બંધારણ સુધારા બિલ પર પણ સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે.

આગામી સપ્તાહના કામચલાઉ સરકારી કામકાજની યાદી આપતી વખતે, સંસદીય બાબતોના રાજ્યમંત્રીએ FCRA સુધારા બિલ અને સીમાંકન સંબંધિત મહિલા અનામત બિલનો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

**સરકારે સીમાંકન બિલ પર વિપક્ષ સાથે વાતચીત કરી:** આ દરમિયાન, કેન્દ્ર સરકારે વિપક્ષી પક્ષો સાથે વાત કરી છે અને મહિલા અનામત સાથે જોડાયેલા પ્રસ્તાવિત સીમાંકન બિલ પર સમર્થન માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો પણ સંપર્ક કર્યો છે.

સંસદમાં વિપક્ષના સતત વિરોધ વચ્ચે, સંસદમાં મડાગાંઠ તોડવા માટે સરકાર અને રાહુલ ગાંધી વચ્ચે ત્રણ વાર વાતચીત થઈ છે.

**કિરેન રિજિજુ રાહુલ ગાંધીનો સંપર્ક કરે છે**

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ પ્રસ્તાવિત સીમાંકન બિલ માટે કોંગ્રેસનું સમર્થન માંગ્યું હોવાનું જાણવા મળે છે, જ્યારે રાહુલ ગાંધીએ સર્વપક્ષીય બેઠકની માંગ કરી છે અને જણાવ્યું છે કે તેઓ ભારતના બ્લોક સહયોગીઓ સાથે પણ વાત કરશે.

મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, તેઓ કોંગ્રેસ સાથે વાતચીત કરી રહ્યા છે કારણ કે તે મુખ્ય વિપક્ષી પક્ષ છે અને કેન્દ્રએ પ્રસ્તાવિત બિલ પર પહેલાથી જ ઘણા રાજકીય પક્ષો સાથે ચર્ચા કરી છે. સમાજવાદી પાર્ટી અને NCP(SP) સહિત ભારતના મુખ્ય બ્લોક પક્ષો સાથે સરકારનો સંપર્ક ચાલુ રહ્યો છે અને કહ્યું છે કે DMK એ અંતિમ વલણ અપનાવતા પહેલા ચોક્કસ ખાતરીઓ માંગી છે.

સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોને ફરીથી આકારવા અને લોકસભાની સંખ્યા ૮૫૦ બેઠકો સુધી વધારવા અને મહિલાઓ માટે અનામત લાગુ કરવા માટે ૧૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લોકસભામાં સીમાંકન બિલ ૨૦૨૬ રજૂ કરવામાં આવ્યું હતું. જોકે, બિલ પસાર થયું ન હતું.

# સાર્વત્રિક મેઘમહેર બાદ ગુજરાતમાં મગફળીનું ૧૦૩ ટકા સાથે ખરીફ પાકનું ૮૦ ટકા વાવેતર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૦૭**

ગુજરાતમાં વરસાદ ખેંચાયા બાદ મેઘરાજાએ સાર્વત્રિક મેઘમહેરના બે રાઉન્ડ ભારે કર્યા બાદ ખેડૂત વર્ગ દ્વારા મોટાપાયે વાવણી કરાતા કુલ ખરીફ વાવેતર છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતરની સરખામણીમાં ૮૦ ટકા ઉપર પહોંચ્યું



છે. અગાઉ ગત વર્ષના અને હાલના સમયગાળામાં થયેલા વાવેતરમાં જંગી તફાવત પણ ઓછો થવા પામ્યો છે. મગફળી અને સોયાબીનનું સો ટકા વાવેતર થઈ જવા પામ્યું છે. જગતના તાતને વ્યાપક વરસાદ બાદ હાશ થવા પામી હોય તેમ મોકળા મને વાવેતર કરવાનું શરૂ કર્યુ છે. ગત વર્ષે આ સમયગાળામાં ૭૦.૪૭ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર હતું તે ૩ ઓગસ્ટ સુધીના આંકડા પ્રમાણે ૬૭.૪૭ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યું છે. ખરીફ પાકમાં ઘઉં સિવાયના ધાન્ય પાકનું મુખ્યત્વે વાવેતર થતું હોય છે. તેમાં કુલ ૭૭.૧૪ ટકા વાવેતર થઈ જવા પામ્યું છે. કઠોળ પાકમાં ૭૭.૫૨ ટકા, કપાસ, મકાઈનું ૯૩.૧૩ ટકા વાવેતર અને સૌથી વધુ તેલીબિયાં પાકમાં ૮૨.૨૯ ટકા વાવેતર થયું છે. આ સીઝનમાં મગફળીનું વિક્રમજનક વાવેતર થયું છે. છેલ્લા ત્રણ વર્ષના સામાન્ય સરેરાશ વાવેતર મુજબ ૧૯.૧૫ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું તે ૨૦૨૬માં હાલ ૧૯.૭૭ લાખ હેકટરમાં થયું છે જે ૧૦૩.૨૬ ટકા છે. રાજ્યમાં ૮ ઓગસ્ટથી વરસાદના નવા રાઉન્ડની આગાહી છે ત્યાં સુધીમાં બાકીનું વાવેતર થઈ જાય તેવી સંભાવના છે. ડાંગર, બાજરી અને જુવારનું હજુ સુધી ૬૮ ટકાથી ૭૬ ટકા વાવેતર જ થવા પામ્યું છે. કઠોળમાં મગનું ફક્ત ૩૫ ટકા, મઠનું ૫૬ ટકા જ વાવેતર થયું છે. તલનું ૨૨.૦૫ ટકા, દિવેલાનું ૧૮.૯૨ ટકા, ગુવાર સીડનું ૨૯.૮૭ ટકા વાવેતર કરવામાં આવ્યું છે. રાજ્યના અનેક વિસ્તારમાં હજુ પણ વરસાદી પાણી ભરાઈ રહેતા શાકભાજીનું વાવેતર ઓછું થઈ રહ્યું છે. કુલ વિસ્તાર સામે ૭૩ ટકા જેટલા વિસ્તારમાં જ શાકભાજીનું વાવેતર થઈ રહ્યું છે.

## અનિશ્ચિતતા અને ઉછાળે વેચવાલીથી બજારમાં દબાણ યથાવત..!!

# ભારતીય કંપનીઓની આવક અને નફામાં સતત વૃદ્ધિ શેરબજાર માટે સકારાત્મક પરિબળ

**આ**જે ભારત દેશ માત્ર વૈશ્વિક અર્થતંત્રનો એક ભાગ નથી રહ્યો, પરંતુ વિશ્વના આર્થિક વિકાસનું મહત્ત્વપૂર્ણ વિકાસ એન્જિન બની રહ્યો છે. અમેરિકા, યુરોપ અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાઓ ધીમી વૃદ્ધિ, મોંઘવારી, ઊંચા વ્યાજદર અને ભૌગોલિક-રાજકીય પડકારોનો સામનો કરી રહી છે, ત્યારે ભારત આશરે ૬.૫% થી ૭.૫%ના આર્થિક વિકાસદર સાથે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન જાળવી રહ્યું છે. ભારતની આર્થિક મજબૂતી પાછળ મુખ્યત્વે શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ, સોનું-ચાંદી અને રિયલ એસ્ટેટ જેવા ચાર મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોનો મોટો ફાળો છે. આ ક્ષેત્રોમાં વધતી સ્થાનિક મૂડી અને રોકાણ દેશના આંતરિક આર્થિક પાયાને વધુ મજબૂત બનાવી રહ્યા છે.




**ભારતીય શેરબજારમાં સ્થાનિક રોકાણકારોની વધતી શક્તિ:** ભારતીય શેરબજારનું કુલ બજાર મૂડીકરણ વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. દેશમાં ડીમેટ ખાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે નાના શહેરો અને ગામડાઓ સુધી પહોંચેલી નાણાકીય જાગૃતિ દર્શાવે છે. ભારતીય બેંકિંગ ક્ષેત્રમાં પણ છેલ્લા દાયકામાં નોંધપાત્ર સુધારો થયો છે. બેંકોની બિનકાર્યરત લોનમાં ઘટાડો થતાં નાણાકીય સ્થિતિ મજબૂત બની છે અને ધિરાણ પ્રવાહને વેગ મળ્યો છે. સરકારની 'મેક ઈન ઈન્ડિયા', ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજના અને માળખાકીય વિકાસ જેવી નીતિઓથી ઉત્પાદન, રેલવે, સંરક્ષણ, બાંધકામ, ઈજનેરી અને નિકાસ ક્ષેત્રોને લાંબા ગાળાનો આધાર મળી રહ્યો છે. ભારતીય કંપનીઓની આવક અને નફામાં સતત વૃદ્ધિ શેરબજાર માટે સકારાત્મક પરિબળ છે. જોકે ઊંચા મૂલ્યાંકન, વૈશ્વિક અસ્થિરતા અને વિદેશી રોકાણકારોની વેચવાલી જેવા જોખમોને ધ્યાનમાં રાખીને સાવચેતી જરૂરી છે.

**મ્યુચ્યુઅલ ફંડ અને એસઆઈપી બની રહી છે બજારની સ્વદેશી ઢાલ:** ભારતીય મૂડીબજારની સૌથી મોટી શક્તિમાં મ્યુચ્યુઅલ ફંડ અને નિયમિત રોકાણ યોજનાનો સમાવેશ થાય છે. લાખો સામાન્ય રોકાણકારો હવે દર મહિને નિયમિત રોકાણ દ્વારા લાંબા ગાળે શેરબજારમાં ભાગ લઈ રહ્યા છે. સ્થાનિક રોકાણકારો અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોનો સતત નાણાપ્રવાહ હવે બજારને વિદેશી રોકાણકારોની વેચવાલી સામે વધુ મજબૂત બનાવી રહ્યો છે. ભૂતકાળમાં વિદેશી રોકાણકારોની મોટી વેચવાલીથી બજારમાં ભારે ઘટાડો થતો હતો, પરંતુ હવે સ્થાનિક રોકાણકારો આવા વેચાણના દબાણને ઘણી વખત શોષી લે છે. નાના શહેરો અને મધ્યમ વર્ગમાંથી વધતું રોકાણ દર્શાવે છે કે શેરબજારમાં ભાગીદારી હવે માત્ર મોટા શહેરો અને મોટા રોકાણકારો સુધી મર્યાદિત નથી રહી. આ પરિવર્તન ભારતીય શેરબજારને વૈશ્વિક આંચકાઓ સામે વધુ સ્થિર બનાવી રહ્યું છે.

**સોનું અને ચાંદી: સુરક્ષા સાથે રોકાણની તક**

વૈશ્વિક અનિશ્ચિતતા, મોંઘવારી, ચલણના મૂલ્યમાં ઘટાડો અને ભૌગોલિક-રાજકીય તણાવના સમયમાં સોનું સુરક્ષિત રોકાણ અને જોખમ સામે રક્ષણ આપતું સાધન માનવામાં આવે છે. ભારતીય રોકાણકારો હવે સોનાને માત્ર ઘરેણાં પૂરતું મર્યાદિત રાખવાને બદલે સોનાના ભંડોળ અને અન્ય નાણાકીય માધ્યમો દ્વારા પણ રોકાણ કરી રહ્યા છે. ચાંદીનું મહત્ત્વ પણ ઝડપથી વધી રહ્યું છે. સૌર ઊર્જા પેનલ, વીજ વાહનો, ઈલેક્ટ્રોનિક સાધનો અને નવી ટેક્નોલોજીમાં ચાંદીના વધતા ઉપયોગને કારણે તે હવે માત્ર કિંમતી ધાતુ નહીં પરંતુ મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક ધાતુ બની રહી છે. આથી સોનું અને ચાંદી લાંબા ગાળે રોકાણના વિવિધ સાધનો વચ્ચે સંતુલન જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**રિયલ એસ્ટેટ માળખાકીય વિકાસથી નવી ગતિ**

ઝડપી શહેરીકરણ અને માળખાકીય વિકાસથી રિયલ એસ્ટેટ ક્ષેત્રને મજબૂત આધાર મળ્યો છે. એક્સપ્રેસ વે, મેટ્રો, નવા એરપોર્ટ, ઔદ્યોગિક વિસ્તારો અને માલસામાન પરિવહન કેન્દ્રોના વિકાસથી રહેણાંક અને વ્યાવસાયિક મિલકતોની માંગમાં વધારો થઈ રહ્યો છે. મધ્યમ અને ઉચ્ચ વર્ગના રહેણાંક મકાનોમાં મજબૂત માંગ જોવા મળી રહી છે. વ્યાવસાયિક મિલકતોમાં પણ ભાડા આધારિત રોકાણના નવા વિકલ્પો ઉભા થયા છે. લાંબા ગાળે વધતું શહેરીકરણ, આવકમાં વધારો અને માળખાકીય વિકાસ રિયલ એસ્ટેટ માટે મુખ્ય વિકાસકારક બની શકે છે.

**ભારતીય અર્થતંત્ર મજબૂત સ્થાનિક પાયો**

ભારતીય અર્થતંત્રની મજબૂતી પાછળ ભારતીય રિઝર્વ બેંકની સાવચેત નાણાકીય નીતિ, સરકારનો મૂડી ખર્ચ અને નાણાકીય શિસ્ત મહત્ત્વપૂર્ણ છે. મોંઘવારીને નિયંત્રિત રાખવાના પ્રયાસો, મજબૂત વિદેશી હૂંડિયામણ ભંડાર અને માળખાકીય વિકાસ પર વધતો સરકારી ખર્ચ અર્થતંત્ર માટે સકારાત્મક છે. સરકારના મૂડી ખર્ચથી સ્ટીલ, સિમેન્ટ, ઈજનેરી, બાંધકામ, રેલવે, સંરક્ષણ અને પરિવહન જેવા ક્ષેત્રોને સીધો લાભ મળી રહ્યો છે. આ ખર્ચથી ઔદ્યોગિક પ્રવૃત્તિ અને રોજગારીને પણ વેગ મળવાની સંભાવના છે.

**સ્થાનિક પરિબળો ભારત માટે લાંબા ગાળાની મોટી તકો**

વૈશ્વિક કંપનીઓ પોતાની ઉત્પાદન અને પુરવઠા સાંકળમાં વિવિધતા લાવવા માટે ભારત તરફ નજર કરી રહી છે. ભારતનું વિશાળ યુવાધન, વધતો મધ્યમ વર્ગ અને મજબૂત આંતરિક વપરાશ દેશની સૌથી મોટી શક્તિ છે. યુપીઆઈ, આધાર અને જીએસટી જેવા ડિજિટલ માળખાએ દેશના અર્થતંત્રમાં પારદર્શિતા અને ઔપચારિકતામાં વધારો કર્યો છે. ડિજિટલ વ્યવહારોના ઝડપી વિસ્તરણથી નાણાકીય સમાવેશને પણ વેગ મળ્યો છે. સાથે જ, નવીનીકરણીય ઊર્જા તરફ ભારતનું વધતું ધ્યાન લાંબા ગાળે ઊર્જા સુરક્ષા વધારવા અને ઈંધણની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

**રોકાણકારો માટે દૃષ્ટિકોણ:** રોકાણકારોએ માત્ર એક જ ક્ષેત્રમાં નાણાં રોકવાને બદલે શેર, ઋણ, સોનું અને રિયલ એસ્ટેટ વચ્ચે યોગ્ય સંપત્તિ ફાળવણી જાળવવી જોઈએ. ટૂંકા ગાળાના બજારના ઉતાર-ચઢાવ, વિદેશી રોકાણકારોની વેચવાલી અથવા વૈશ્વિક અફવાઓના આધારે ભાવનાત્મક નિર્ણય લેવાને બદલે લાંબા ગાળાના નાણાકીય લક્ષ્યો પર ધ્યાન આપવું જરૂરી છે. ગુણવત્તાયુક્ત કંપનીઓ, મજબૂત મૂળભૂત બાબતો, યોગ્ય મૂલ્યાંકન અને નિયમિત લાંબા ગાળાના રોકાણને પ્રાથમિકતા આપવી જોઈએ.

**બુલંદ ભારત નવી આર્થિક ઊંચાઈ તરફ**

ભારતની વિકાસગાથા હવે માત્ર એક આશાવાદી વિચાર નથી, પરંતુ વધતું આંતરિક વપરાશ, માળખાકીય વિકાસ, ડિજિટલ અર્થતંત્ર, ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિ, સ્થાનિક રોકાણ અને મજબૂત માનવ સંસાધન જેવા અનેક આધારસ્તંભો પર ઊભી છે. આગામી વર્ષોમાં ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં વધુ મજબૂત સ્થાન બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. 'વિકસિત ભારત@૨૦૪૭'નું લક્ષ્ય નીતિગત સ્થિરતા, ઉદ્યોગસાહસિકતા, નવી ટેક્નોલોજી, શિક્ષણ અને માનવ સંસાધનના વિકાસથી સાકાર થઈ શકે છે. આથી ભારતીય અર્થતંત્ર, ઉદ્યોગસાહસિકો અને રોકાણકારો માટે આવનારો સમય નવી તકોનો બની શકે છે. પરંતુ તકો સાથે જોખમોને સમજવું અને શિસ્તબદ્ધ રીતે આગળ વધવું એટલું જ જરૂરી છે.

# લોહીમાં જમા ખરાબ કોલેસ્ટ્રોલ શોષી લેશે ગોળ-લસણની ચટણી, હૃદયરોગથી થશે બચાવ





**હૃદયના આરોગ્ય માટે લસણ અને ગોળ:** હાર્ટ અટેક, કાર્ડિયાક અરેસ્ટ, સ્ટ્રોક અને હાર્ટ ડિઝિઝના કેસ ઝડપથી વધી રહ્યા છે. હૃદયરોગની પાછળ સૌથી મોટું કારણ છે હાઈ કોલેસ્ટ્રોલ અને હાઈ બ્લડપ્રેશર, રક્તવાહિનીઓમાં જમા ખરાબ કોલેસ્ટ્રોલ તેને બ્લોક કરી દે છે, જેના કારણે બ્લડ ફ્લો ધીમો અથવા અટકી જાય છે. આ જીવલેણ કન્ડિશનથી બચવા માટે રક્તવાહિનીઓમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ દૂર કરવું જરૂરી છે.

કોલેસ્ટ્રોલને દૂર કરવા માટે અને હૃદયની બીમારીઓથી બચવા માટે તમે લસણ અને ગોળનું સેવન કરી શકો છો. એક આયુર્વેદિક તબીબના જણાવ્યા અનુસાર, જૂનો ગોળ (જેનો રંગ શ્યામ થઈ ગયો હોય) અને લસણની બે કળીઓના મિશ્રણનું સેવન કરવાથી હૃદયને સ્વસ્થ રાખી શકાય છે અને તેના અનેક પ્રકારે ફાયદા થાય છે.

**હૃદયરોગથી કરશે બચાવ**

આયુર્વેદ અનુસાર, હૃદયરોગથી બચવા અથવા તેનો ઈલાજ કરવા માટે સૌથી કારગત ઉપાય લસણની બે કળીઓ અને ગોળની ચટણી બનાવવાની છે. જેને નાશ્તા કે બપોરના ભોજનની સાથે લઈ શકો છો.

**લસણ અને ગોળના ફાયદા**

ગેસથી જોડાયેલી સમસ્યાઓને દૂર કરવા માટે, શરીરના દુઃખાવામાં આરામ આપવા, લોહીને પાતળુ કરવા, કોલેસ્ટ્રોલ ઘટાડવા અને શરીરમાં ગરમી વધારવામાં મદદ કરે છે. જો કે, એક સલાહ એ પણ છે કે આ મિશ્રણ ગરમ તાસીર હોય છે, તેથી ઉનાળામાં તેનું સેવન કરવાથી બચવું જોઈએ. ગર્ભવતી મહિલાઓને પણ આ ચટણી નહીં લેવાની સલાહ આપવામાં આવે છે.

**લસણ અને ગોળની ચટણીની રેસિપી અને ફાયદાઓ**

**વધતી ઉંમરને અટકાવશે**

આયુર્વેદ અનુસાર, લસણ રસ ગુણરસાયણમાં રસાયણ છે જે તમને યુવા રાખે છે, વધતી ઉંમરને અટકાવવામાં મદદ કરે છે. તેનો અર્થ એ છે કે, તમારી વધતી ઉંમરને મંદ કરવા ઈચ્છતા હોવ તો આ કોમ્બિનેશન તમારાં માટે ઉત્તમ સાબિત થઈ શકે છે.

**પાચનના વિકારો માટે લાભદાયક**

લસણ અને ગોળના મિશ્રણનું સેવન કરવાથી પાચન સંબંધિત સમસ્યાઓમાં રાહત મળી શકે છે. એટલું જ નહીં, આ ચટણીના સેવનથી પેટમાં થતા કૃમિને દૂર કરી શકાય છે. આ સિવાય તેનાથી હાડકાં મજબૂત બને છે અને હાડકાના ફ્રેક્ચરને ઠીક કરી શકાય છે. આ સિવાય જે લોકો કમજોરીથી પીડિત છે તેઓએ ઉર્જા પ્રાપ્ત કરવા માટે તેનું સેવન કરવું જોઈએ.

**આરોગ્યનો ભંડારછે લસણ**

લસણ અને ગોળ એક શક્તિશાળી છે, લસણમાં ભેદક, તીખા અને વાતકફને ઘટાડવાના ગુણોના કારણે એન્ટી હાઈપરટેન્સિવ ગુણો રહેલા છે. જે શરીરના ચેનલને સાફ કરવામાં મદદ કરે છે. તે બીપી કંટ્રોલ કરી, સાંધાનો દુઃખાવો ઘટાડવા, કૃમિને દૂર કરવા, કોલેસ્ટ્રોલમાં સુધાર લાવવા, ખાંસી અને શરદીને દૂર કરવા, પાચનમાં સુધાર, ઈમ્યૂન સિસ્ટમ મજબૂત બનાવવા, બ્લડપ્રેશરને ઘટાડવા અને વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**ગોળમાં છે શક્તિશાળી તત્વ**

ગોળ ઝિંક અને સેલેનિયમથી ભરપૂર હોય છે અને આયુર્વેદમાં તેનો ઉપયોગ લિવર માટે ડિટોક્સિફાઈંગ એજન્ટ અને રક્તશોધક તરીકે પણ કરી શકાય છે. ગોળ પાચન શક્તિને વધારવા અને શ્વસન સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. તે શરીરમાં હીમોગ્લોબિન વધારવામાં મદદ કરે છે, ઉપરાંત માસિક ધર્મ થતાં દુઃખાવામાં પણ રાહત મળે છે.

**નોંધ:** આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરનો સંપર્ક કરવો.

# વડાપ્રધાન પોતાના સ્વતંત્રતા દિવસના ભાષણમાં Gen Z અને યુવાનો વિશે વાત કરે: અભિજીત દીપકેની પીએમ મોદી સમક્ષ મોટી ડિમાન્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યા બાદ હવે કોકરોચ જનતા પાર્ટી નવા મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે. CJPની કોર ટીમની બેઠક અભિજીત દીપકેના નિવાસસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં આગામી કાર્યયોજનાને લઈને ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ દીપકેએ ૧૫ ઑગસ્ટના વડાપ્રધાનના ભાષણ અંગે પોતાની માંગ વ્યક્ત કરી.

અભિજીત દીપકેએ કહ્યું, ''૧૫ ઑગસ્ટ આવી રહ્યો છે. દર વર્ષે આપણા વડાપ્રધાન લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરે છે. અમારી ઈચ્છા છે કે આ વખતે તેમનું ભાષણ ખાસ કરીને Gen Z અને યુવાનો માટે હોય. તેઓ પોતાના ભાષણમાં જણાવે કે સરકાર યુવાનો માટે શું કરી રહી છે અને તેમને વધુ સારું ભવિષ્ય કેવી રીતે આપી શકે છે. હું દેશના લોકોને પણ અપીલ કરું છું કે આગામી એક અઠવાડિયા સુધી તેઓ પણ વડાપ્રધાનને વિનંતી કરે કે આ વખતનું ભાષણ યુવાનોને સમર્પિત હોય.''

૬ ઑગસ્ટે અભિજીત દીપકેએ જણાવ્યું હતું કે કોકરોચ જનતા પાર્ટી ટૂંક સમયમાં એક નવું અભિયાન શરૂ કરશે, જેના દ્વારા સીધો જનતા સાથે સંવાદ સાધી શકાશે. આગામી મહિને સમગ્ર દેશમાં લોકો સાથે મુલાકાત કરીને તેમના પ્રશ્નો અને મુદ્દાઓ જાણવા માટે ક્યાં બોલતી હૈ પબ્લિક (શું કહે છે જનતા?) નામનું અભિયાન શરૂ કરવામાં આવશે. આ અંગેની માહિતી દીપકેએ એક પ્રેસ કોન્ફરન્સમાં આપી હતી. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને મોટી સફળતા ગણાવતા અભિજીત દીપકેએ કહ્યું, ''છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં સરકારે લોકોના મનમાં



જે ડર ઉભો કર્યો હતો, તે હવે સમાપ્ત થઈ ગયો છે. હવે લોકો રસ્તા પર ઉતરશે. આજે તેમણે એક વ્યક્તિનું રાજીનામું માંગ્યું છે, કાલે તેઓ અન્ય લોકોના પણ રાજીનામાની માંગ કરશે.''

PM મોદી સાથે દિગ્ગજ નેતાની મુલાકાત

# શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે મોદી સાથે મુલાકાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

પંજાબ વિધાનસભા ચૂંટણીના આગમન પહેલાં રાજ્યની રાજનીતિમાં ભારે હલચલ જોવા મળી રહી છે. શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે શુક્રવારે દિલ્હીમાં સંસદ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક મહત્ત્વપૂર્ણ મુલાકાત કરી હતી. આ બેઠક બાદ પંજાબના રાજકીય વર્તુળોમાં ફરી એકવાર ભાજપ અને અકાલી દળના પુનઃ ગઠબંધનને લઈને અટકળોનું બજાર ગરમ થઈ ગયું છે. ખાસ કરીને ૨૦૨૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ મુલાકાતને અત્યંત સૂચક માનવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ વિવાદિત કૃષિ કાયદાઓના વિરોધમાં કિસાન આંદોલન તેજ બન્યું હતું. પંજાબમાં ખેડૂતોના ભારે વિરોધને કારણે અકાલી દળે ભાજપ સાથેની પોતાની ૨૫ વર્ષ જૂની મિત્રતા તોડીને એનડીએનો સાથ છોડી દીધો હતો.

અકાલી દળ માટે ગ્રામીણ અને ખેડૂત મતબૅંક સૌથી સર્વોપરી રહી છે. ત્યારબાદ ૨૦૨૨ની વિધાનસભા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બંને પક્ષોએ અલગ-અલગ ચૂંટણી લડી હતી, જેના કારણે બંને પક્ષોને ચૂંટણી પરિણામોમાં ઘણું નુકસાન વેઠવું પડ્યું હતું.

હાલની સ્થિતિએ પંજાબમાં અકાલી દળ પોતાનો ખોવાયેલો પરંપરાગત જનાધાર પાછો મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે, તો બીજી તરફ ભાજપ પણ રાજ્યમાં પોતાના પગ મજબૂત કરવા માટે કોઈ સક્ષમ ક્ષેત્રીય સાથીની શોધમાં છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, પંજાબમાં હિન્દુ અને સિખ મતોના જૂના સમીકરણોને ફરીથી જીવંત કરવા માટે બંને પક્ષોએ એકબીજાની જરૂરિયાત સમજવી પડશે. જોકે, હજુ સુધી બંને પક્ષો તરફથી ગઠબંધનને લઈને કોઈ અધિકૃત જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ આ મુલાકાતથી આગામી સમયમાં મોટા રાજકીય ફેરફારો થવાના પૂરા સંકેતો મળી રહ્યા છે.

ચિંતા ના કરશો, હું તમારી સાથે છું : મોદી

# મમતા-ઉદ્ધવ ઠાકરેના બળવાખોર સાંસદોને PM મોદીનું આશ્વાસન

**નરેન્દ્ર મોદીએ મમતા બેનર્જી અને ઉદ્ધવ ઠાકરે જૂથથી અલગ થયેલા સાંસદો સાથે દિલ્હીમાં બ્રેકફાસ્ટ મીટિંગ યોજી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં મમતા બેનર્જી અને ઉદ્ધવ ઠાકરે જૂથથી અલગ થયેલા સાંસદો સાથે એક મહત્ત્વપૂર્ણ બ્રેકફાસ્ટ મીટિંગ યોજી હતી. આ બેઠક રાજકીય દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ તમામ સાંસદોને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિએ ચિંતા કરવાની જરૂર નથી. તેઓ હંમેશા તેમની સાથે છે. આ બેઠક દરમિયાન એનડીએને એક પરિવાર સમાન ગણાવ્યું હતું. સાંસદોને સંસદની કાર્યવાહીમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ સાંસદોને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, તેમણે સંસદીય ઈતિહાસને ઊંડાણપૂર્વક વાંચવો, જાણવો અને સમજવો જોઈએ. સંસદમાં ઈતિહાસ સાથે જોડાયેલું ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ ડિબેટ અને ચર્ચાની તૈયારી માટે અસરકારક રીતે કરવો જોઈએ. તેમણે દરેક સાંસદને સંસદની ચર્ચાઓમાં સક્રિય અને મજબૂત ભૂમિકા ભજવવા માટે ખાસ આહ્વાન કર્યું હતું. જેથી જનતાના પ્રશ્નોને યોગ્ય વાચા આપી શકાય અને જનહિતના કાર્યોને વેગ મળી શકે.

આ બેઠકમાં વડાપ્રધાન મોદીએ તમામ સાંસદોને પોતપોતાના રાજ્યોના સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કામ કરવાની સલાહ આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જ્યારે દેશના રાજ્યો આગળ વધશે, ત્યારે જ સમૂહમાં દેશનો પણ સાચો વિકાસ થશે. જો વિકાસ પરિયોજનાઓ કે પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલી કોઈપણ પ્રકારની સમસ્યા ઊભી થાય, તો સાંસદો સીધા જ વડાપ્રધાન કાર્યાલય(PMO)નો સંપર્ક કરી શકે છે. જેથી તમામ પ્રકારની અડચણોને દૂર કરીને વિકાસ કાર્યો સમયસર પૂર્ણ કરી શકાય.

આ બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ દરેક સાંસદ સાથે વ્યક્તિગત રૂપે મુલાકાત કરી હતી અને તેમના સંસદીય ક્ષેત્ર તથા ત્યાં ચાલી રહેલા વિકાસ કાર્યોની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ અનોખી મુલાકાત દરમિયાન તેમણે ધારાશિવના સાંસદ ઓમરાજે નિંબાલકર સાથે તેમના યોગ અભ્યાસ વિશે પણ ખાસ ચર્ચા કરી હતી. આ ઉપરાંત, મહારાષ્ટ્રના શિવસેના શિંદે જૂથ અને એનસીપી અજીત પવાર જૂથના અનેક સાંસદો સાથે વડાપ્રધાન મોદીએ મરાઠી ભાષામાં પણ વાતચીત કરી હતી.

AISA અધ્યક્ષ પર શાહી ફેંકાઈ

# ઝારખંડના રાંચીમાં વિધાનસભા માર્ચ દરમિયાન ભારે હોબાળો







(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાંચી, તા.૦૭**

ઝારખંડમાં JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગોટાળા અને પેપર લીક સામે વિદ્યાર્થીઓનું આંદોલન ૧૪મા દિવસે પણ જોરશોરથી ચાલુ રહ્યું છે. રાજ્યભરમાં ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનને પોતાનું સમર્થન આપવા માટે AISAના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા ખાસ રાંચી પહોંચ્યા હતા.

આ દરમિયાન AISA દ્વારા ઝારખંડ વિધાનસભા સુધી એક વિશાળ માર્ચ કાઢવામાં આવી હતી. જ્યાં ભારે હોબાળા અને અફરાતફરી વચ્ચે નેહા બોરા પર શાહી ફેંકવામાં આવવાની મોટી ઘટના સામે આવી છે, જેનાથી રાજકીય માહોલ વધુ ગરમાયો છે.

રાંચીના જયપાલ સિંહ મુડા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ છેલ્લા બે અઠવાડિયાથી સતત ભૂખ હડતાળ પર બેઠા છે. પ્રદર્શનકારીઓ ભરતી પરીક્ષાઓમાં થયેલી અનિયમિતતાઓ, પેપર લીક અને પરીક્ષા પ્રક્રિયામાં રહેલી ગોટાળાઓની કડક અને નિષ્પક્ષ તપાસની માગ કરી રહ્યા છે. શુક્રવારે આંદોલનના ૧૪મા દિવસે પણ અનેક વિદ્યાર્થીઓ પોતાની માગ પર અડગ રહીને ભૂખ હડતાળ પર બેઠા હતા. વિદ્યાર્થીઓનો સ્પષ્ટ આરોપ છે કે રાજ્ય સરકારની વર્તમાન તપાસ પદ્ધતિથી તેઓ સંતુષ્ટ નથી અને સમગ્ર મામલે સ્વતંત્ર તપાસ થવી અત્યંત આવશ્યક છે.

આ ગંભીર મામલે અભાર્થી ન્યાય મંચે મુખ્યમંત્રી સાથે સીધી વાતચીત કરવા માટે ૭ સભ્યોના પ્રતિનિધિ મંડળના નામોની જાહેરાત કરી દીધી છે.

આ પ્રતિનિધિ મંડળમાં રામાવતાર મહતો, દીનબંધુ મંડળ, ચંદન કુમાર, રવિ શંકર, પ્રેમ કુમાર, અમિત કુમાર અને વિમલ કુમાર સામેલ છે. જેઓ વિદ્યાર્થીઓની તમામ માગણીઓ સરકાર સમક્ષ મજબૂતીથી રજૂ કરશે.

આ વિવાદાસ્પદ મુદ્દાને લઈને વિધાનસભા ગૃહની અંદર પણ શુક્રવારે ભારે હોબાળો જોવા મળ્યો હતો. જેના કારણે વિધાનસભાનો પ્રશ્નકાળ સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો.

આ લાંબા આંદોલન વચ્ચે ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થીઓની તબિયત પણ હવે ચિંતાનો મોટો વિષય બની રહી છે. શુક્રવારે અચાનક એક વિદ્યાર્થીની તબિયત વધુ લથડતાં તેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રદર્શન, સરકાર સાથેની પ્રસ્તાવિત બેઠક અને વિધાનસભા સુધી પહોંચેલા આ ઉગ્ર આંદોલનને લઈને હવે સૌની નજર આગામી પગલાં પર ટકેલી છે કે સરકાર આ ગંભીર સમસ્યાનો શું કાયમી ઉકેલ લાવે છે.

## કોકરોચ જનતા પાર્ટીના સંગઠનની જાહેરાત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૭**

કોકરોચ જનતા પાર્ટી (CJP)ની રાષ્ટ્રીય કારોબારી સમિતિની રચના થઈ ગઈ છે, જેમાં અભિજીત દીપકે સહિત ૧૨ લોકોને સ્થાન મળ્યું છે. અભિજીત દીપકેના છત્રપતિ સંભાજી નગર સ્થિત ઘરે ૨ દિવસ ચાલેલી બેઠકમાં કારોબારી સમિતિની રચના કરીને તેના સભ્યોના નામો અને તેમની જવાબદારીઓની જાહેરાત કરવામાં આવી હતી. બેઠક પૂર્ણ થયા બાદ પ્રેસ કોન્ફરન્સ યોજીને જણાવવામાં આવ્યું કે, પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક એટલે કે નેશનલ કન્વીનર હશે. જ્યારે CJPના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ અને પ્રવક્તા આશુતોષ રાંકા પાર્ટી સંગઠનના સહ-સંયોજક હશે.

કારોબારી સમિતિની રચના થયા બાદ અભિજીત દીપકેએ જાહેરાત કરી કે કોકરોચ જનતા પાર્ટીને હાલમાં રાજકીય પક્ષ બનાવવામાં આવશે નહીં, પરંતુ તેના દ્વારા ગ્રાઉન્ડ લેવલ (તળિયાના સ્તરે) કામ કરવામાં આવશે. આગામી ૬ મહિનામાં સમગ્ર ભારતમાં સ્ટેટ કો-ઓર્ડિનેશન કમિટી બનાવવામાં આવશે. વેબસાઈટ દ્વારા સભ્યપદ અભિયાન શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ, યુવાનો, પ્રોફેશનલ્સ અને વર્કર્સને એકજૂથ કરીને પાર્ટી સાથે જોડવામાં આવશે. પાર્ટી વર્કર્સ પાર્ટીને રાજકીય પક્ષ બનતી જોવા માંગે છે, પરંતુ હાલમાં માત્ર ગ્રાઉન્ડ લેવલ પર જ કામ કરશે, જેથી જનમત્ સંગ્રહ થાય અને ત્યારબાદ રાજકારણમાં પ્રવેશ કરશે.

જણાવી દઈએ કે, કોકરોચ જનતા પાર્ટીમાં અભિજીત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકા બાદ અજિંક્ય શિંદે (૩૫)ને રાષ્ટ્રીય સંગઠન પ્રભારી અને દીપક બાલિયાન (૨૬)ને સંગઠનના સહ-પ્રભારી નીમવામાં આવ્યા. અન્ય હોદ્દેદારોમાં આફરીન નવાઝ (૩૪) રાષ્ટ્રીય સચિવ, વિજય રેડ્ડી મલ્લાંગી (૩૦) મીડિયા પ્રમુખ, રત્ના સિંહ (૩૧) કાનૂની બાબતોના પ્રમુખ, વૈષ્ણવી ગૌડ (૨૯) રિસર્ચ એન્ડ પોલિસી ચીફ, રોહન દેશપાંડે (૩૧) ટેકનોલોજી ચીફ અને યોગેશ ઈંગલે (૩૩) ફાઈનાન્સ ચીફ છે. CJPની યોજના પાર્ટીને દેશના ચારેય ખૂણે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ સુધી પહોંચાડવાની છે.

આંધ્રપ્રદેશમાં પર્વતો કાપવામાં આવતા હોવાથી લોકોમાં રોષ

# દેશમાં ગૂગલના ૧૫ અબજ ડોલરના ડેટા સેન્ટર સામે વિરોધ

**પૂણે, મુંબઈ અને ચૈન્નઈ બાદ હવે હૈદરાબાદમાં માઈક્રોસોફ્ટનું ડેટા સેન્ટર શરૂ થયું : કંપનીનું ત્રણ અબજ ડોલરનું રોકાણ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

ગૂગલ ૧૫ અબજ ડોલરના માતબર રોકાણથી આંધ્રપ્રદેશમાં એઆઈ ડેટા સેન્ટર બનાવશે. એ માટે આંધ્રપ્રદેશની પહાડીઓ કાપવામાં આવતી હોવાનો દાવો થતાં લોકોમાં રોષ ઉઠ્યો છે. આ એઆઈ ડેટા સેન્ટરથી આંધ્રપ્રદેશમાં પાણી અને વીજળીની અછત સર્જાશે એવી પર્યાવરણવિદોની ચેતવણીથી લોકોએ ડેટા સેન્ટરનો વિરોધ શરૂ કર્યો છે. આ મામલે પર્યાવરણની સંસ્થાઓ કોર્ટમાં પહોંચી જતાં મામલો કોર્ટકેસમાં અટવાય તેવી શક્યતા છે. વિશાખાપટ્ટનમ્માં લોકોએ રેલી યોજી હતી ને દેખાવો કર્યા હતા.

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્માં ગૂગલ ૧૫ અબજ ડોલરના રોકાણથી ડેટા સેન્ટર બનાવશે. જ્યાં ગૂગલનું ડેટા સેન્ટર બનવાનું છે ત્યાં એક પહાડી કોતરીને જગ્યા સપાટ કરવામાં આવી રહી છે. એ દરમિયાન હવે સ્થાનિક લોકોમાં ડેટા સેન્ટર સામે વિરોધ શરૂ થયો છે. વિશાખાપટ્ટનમમાં લોકોએ રેલી કાઢીને ડેટા સેન્ટરનો વિરોધ કર્યો હતો. પર્યાવરણવિદોએ પાણી અને વીજળીની અછત સર્જાશે તેવી ભીતિ વ્યક્ત કર્યા પછી ગૂગલના ડેટા સેન્ટર સામે હાઈકોર્ટમાં પણ અરજી થઈ હતી. એક સામાજિક સંસ્થાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. એ સંદર્ભમાં હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે. હવે આખાય મુદ્દે કોર્ટમાં અરજી થઈ હોવાથી ગૂગલના ડેટા સેન્ટર સામે અવરોધ ખડા થાય તેવી શક્યતા છે.

અરજદારની દલીલ છે કે, શહેરને જે જળાશયોમાંથી પાણી મળે છે એની ક્ષમતાના પ્રમાણમાં શહેરમાં ૨૫ લાખ લોકોને પાણી ઘટી પડે છે. જો ડેટા સેન્ટરને પાણી આપવાનું થશે તો ગંભીર અછતનો સામનો કરવો પડશે. બીજી તરફ હૈદરાબાદમાં માઈક્રોસોફ્ટનું ભારતનું સૌથી મોટું ડેટા સેન્ટર શરૂ થઈ ગયું છે. પૂણે, મુંબઈ અને ચેન્નાઈ બાદ માઈક્રોસોફ્ટનું આ ચોથું ડેટા સેન્ટર છે. આ ડેટા સેન્ટરથી માઈક્રોસોફ્ટ ક્લાઉડની સર્વિસમાં ઝડપ આવશે. માઈક્રોસોફ્ટ ભારતમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ કરશે. એમાંથી ત્રણ અબજ ડોલરના રોકાણ સાથે આ ડેટા સેન્ટર બન્યું છે. માઈક્રોસોફ્ટ હજુ ૧૭ અબજ ડોલરનું રોકાણ ભારતમાં કરશે.

માઈક્રોસોફ્ટ ઈન્ડિયાના પ્રમુખ પુનિત ચાંડોકે જણાવ્યું હતું કે, મેકિંગ ઈન્ડિયા એઆઈ-ફર્સ્ટની પૉલિસી પ્રમાણે આ ડેટા સેન્ટર ખૂબ મહત્ત્વનું બની રહેશે. ભારતમાં ટેકનોલોજીનો વિકાસ જે ઝડપે થઈ રહ્યો છે એ જ ઝડપે માઈક્રોસોફ્ટ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવે છે. તેનાથી કંપનીની સાથે દેશના એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ બૂસ્ટ મળશે.

## સ્પોર્ટ્સ ન્યુઝ

ગૉલ ટેસ્ટમાં ભારતીય ટીમ રચશે નવો કીર્તિમાન

# અનોખી સિદ્ધિ મેળવનારો ભારત બનશે દુનિયાનો ત્રીજો દેશ

**આ ભારતીય ટીમ માટે ઐતિહાસિક ૬૦૦મી ટેસ્ટ મેચ હશે, ભારતની એન્ટ્રી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની એલીટ ક્લબમાં થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭ :** શ્રીલંકા વિરુદ્ધ ૧૫ ઓગસ્ટે ગૉલ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં ઉતરવાની સાથે ટીમ ઈન્ડિયા ઈતિહાસ રચી દેશે. ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ ગૉલમાં ભારતીય સમયાનુસાર સવારે ૧૦ કલાકે શરૂ થશે. આ ભારતીય ટીમ માટે ઐતિહાસિક ૬૦૦મી ટેસ્ટ મેચ હશે. આ સિદ્ધિ હાસિલ કરવાની સાથે ભારતની એન્ટ્રી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની એલીટ ક્લબમાં થઈ જશે.

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા બાદ ભારત ૬૦૦ કે તેનાથી વધુ ટેસ્ટ મેચ રમનાર દુનિયાનો ત્રીજો દેશ બની જશે. ભારત ૧૫ ઓગસ્ટથી શ્રીલંકા સામે બે મેચની ટેસ્ટ સિરીઝ રમશે. આ સિરીઝ WTC ફાઈનલની રેસમાં રહેવા માટે ભારત માટે મહત્વની છે. સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ ગૉલ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી મેચ કોલંબોમાં ૨૩થી ૨૭ ઓગસ્ટ વચ્ચે રમાશે.

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધી ૬૦૦ કે તેનાથી વધુ ટેસ્ટ મેચ રમી છે. ગૉલમાં ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી પ્રથમ ટેસ્ટ ટીમ ઈન્ડિયાની ૬૦૦મી ટેસ્ટ મેચ હશે. ભારત આ સાથે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ખાસ રેકોર્ડની બરોબરી કરી લેશે. દુનિયામાં સૌથી વધુ ટેસ્ટ મેચ રમવાના રેકોર્ડમાં ઈંગ્લેન્ડ આગળ છે. ઈંગ્લેન્ડે માર્ચ ૧૮૭૭મા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમ્યા બાદ અત્યાર સુધી ૧૦૯૭ ટેસ્ટ મેચ રમી છે. ઓસ્ટ્રેલિયા ૮૮૨ ટેસ્ટ મેચ સાથે બીજા સ્થાને છે, જ્યારે ભારત ૫૯૯ ટેસ્ટની સાથે ત્રીજા સ્થાને છે. ભારતે ૧૯૩૨મા ઈંગ્લેન્ડ વિરુદ્ધ પોતાનું ટેસ્ટ પર્દાપણ કર્યું હતું અને ત્યારથી અત્યાર સુધી ૧૮૬ ટેસ્ટ મેચમાં જીત હાસિલ કરી છે. ઓસ્ટ્રેલિયા ૪૨૬ ટેસ્ટ મેચમાં જીતની સાથે આ લિસ્ટમાં સૌથી આગળ છે. ત્યારબાદ ઈંગ્લેન્ડનો નંબર આવે છે. ઈંગ્લેન્ડે અત્યાર સુધી ૪૦૫ ટેસ્ટ મેચ જીતી છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ જીતનારી ટીમોના લિસ્ટમાં સાઉથ આફ્રિકા (૧૯૧) અને વેસ્ટ ઈન્ડિઝ (૧૮૭) પણ ભારતથી આગળ છે.

ભારતે શ્રીલંકા વિરુદ્ધ અત્યાર સુધી ૪૬ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી ૨૨ મેચ જીતી છે અને માત્ર સાત હારી છે. બંને ટીમો છેલ્લે ૨૦૨૨મા ટેસ્ટ સિરીઝ રમાઈ હતી, જેમાં ભારતે બંને મેચ જીતી હતી. ભારતે પોતાના ઘરેલું મેદાન પર શ્રીલંકા સામે ક્યારેટ ટેસ્ટ મેચ હારી નથી. જ્યારે શ્રીલંકામાં બંને વચ્ચે અત્યાર સુધી ૨૪ ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાંથી ભારતે ૯ જીતી છે, જ્યારે યજમાન દેશે ૭ મેચ જીતી છે અને આઠ મેચ ડ્રો રહી છે.

**ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ મેચ રમનાર ટીમો**
૧. ઈંગ્લેન્ડ - ૧૦૯૭ મેચ
૨. ઓસ્ટ્રેલિયા- ૮૮૨ મેચ
૩. ભારત - ૫૯૯ મેચ
૪. વેસ્ટ ઈન્ડિઝ- ૫૯૬ મેચ
૫. ન્યૂઝીલેન્ડ - ૪૮૭ મેચ

**ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ મેચ જીતનાર દેશ**
૧. ઓસ્ટ્રેલિયા - ૪૨૬ મેચ
૨. ઈંગ્લેન્ડ - ૪૦૫ મેચ
૩. સાઉથ આફ્રિકા- ૧૯૧ મેચ
૪. વેસ્ટ ઈન્ડિઝ- ૧૮૭ મેચ
૫. ભારત- ૧૮૬ મેચ

કેલીએ ડોમેસ્ટીક કારકિર્દી દરમિયાન ૨૭૪ વિકેટ લીધી

# ઓસ્ટ્રેલિયન સ્ટાર ખેલાડી મેથ્યુ કેલી ૩૧ વર્ષની વયે રિટાયર

**ઓસ્ટ્રેલિયાના ૩૧ વર્ષીય ઝડપી બોલર મેથ્યુ કેલીએ સતત ઈજાઓ સામે ઝઝૂમ્યા બાદ વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭ :** ઓસ્ટ્રેલિયાના ૩૧ વર્ષીય ફાસ્ટ બોલર મેથ્યુ કેલીએ સતત ઈજાઓ સામે ઝઝૂમ્યા બાદ વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને પર્થ સ્કોર્ચર્સ માટે શાનદાર પ્રદર્શન કરનાર કેલીએ પોતાની ડોમેસ્ટીક કારકિર્દી દરમિયાન કુલ ૨૭૪ વિકેટ પોતાના નામે કરી હતી. જોકે, વારંવાર શારીરિક ઈજાઓ થવાના કારણે તેઓ લાંબો સમય સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે નિયમિત રમી શક્યા નહીં, જેના કારણે તેમણે રમતને અલવિદા કહેવાનો ભાવનાત્મક નિર્ણય લીધો છે.

સાઉથ આફ્રિકામાં જન્મેલા મેથ્યુ કેલી માત્ર ૪ વર્ષની નાની ઉંમરે પોતાના પરિવાર સાથે પર્થમાં સ્થાયી થયા હતા. ૬ ફૂટ અને ૩ ઈંચ લાંબા આ ઝડપી બોલરે નિવૃત્તિ સંદર્ભે વાત કરતા પ્રખ્યાત વાકા (WACA) ગ્રાઉન્ડ સાથેની યાદો તાજી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે તેઓ પહેલીવાર વાકા ગ્રાઉન્ડના મુખ્ય દરવાજાથી અંદર પ્રવેશ્યા હતા, ત્યારે તેમને ક્યારેય અંદાજ નહોતો કે ક્રિકેટ તેમને કઈ ઊંચાઈઓ સુધી લઈ જશે. આ પવિત્ર સ્થળ ખૂબ જ ઓછા સમયમાં તેમના માટે બીજા ઘર સમાન બની ગયું હતું.

મેથ્યુ કેલીએ વર્ષ ૨૦૧૭માં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા માટે ફર્સ્ટ ક્લાસ અને લિસ્ટ-એ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ત્યારબાદ ૨૦૧૮ની શરૂઆતમાં તેમને પર્થ સ્કોર્ચર્સ તરફથી બિગ બૅશ લીગ (BBL) માં રમવાની તક મળી હતી. તેઓ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની તે વિજયી ટીમનો અભિન્ન ભાગ રહ્યા હતા જેણે ૨૦૧૯-૨૦, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ની સિઝનમાં શાનદાર પ્રદર્શન કરી વનડે કપ જીત્યો હતો. ખાસ કરીને ૨૦૨૨-૨૩ની શેફિલ્ડ શિલ્ડ ફાઈનલમાં વિક્ટોરિયા વિરુદ્ધ ૬ વિકેટ ઝડપીને તેમણે પોતાની ટીમની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને આખી સિઝનમાં ૩૫ વિકેટ લીધી હતી.

મેથ્યુ કેલીની પ્રતિભાને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની પ્રખ્યાત ફ્રેન્ચાઈઝી Kolkata Knight Riders (KKR) દ્વારા તેમને પોતાની ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. જોકે, ખરાબ નસીબ અને ફોર્મના કારણે તેમને પ્લેઈંગ ઈલેવનમાં એક પણ મેચ રમવાની તક મળી શકી નહોતી અને બાદમાં તેમને રિલીઝ કરવામાં આવ્યા હતા. આમ છતાં, વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના જનરલ મેનેજર કેડ હાર્વે સહિતના દિગ્ગજોએ છેલ્લા એક દાયકામાં ટીમ માટે આપેલા તેમના નિઃસ્વાર્થ યોગદાનની ભરપૂર પ્રશંસા કરી છે, અને તેમની આ સફર હંમેશા યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ રહેશે.

# શિપરોકેટ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૦૭**




શિપરોકેટ લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલ્લી મૂકશે. આ ઓફર માટે પ્રતિ ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂ.૯૨થી રૂ.૯૭ નક્કી કરવામાં આવ્યો છે.

રોકાણકારો ઓછામાં ઓછા ૧૫૪ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૫૪ શેરના ગુણાંકમાં બિડ કરી શકશે એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ મંગળવાર, ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે. પ્રતિ શેર રૂ.૧૦ની ફેસ વેલ્યૂ ધરાવતા કુલ રૂ.૧૬,૧૭૪.૮૫ મિલિયન સુધીના ઈક્વિટી શેરની આ ઓફરમાં રૂ.૮,૮૫૫.૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા રૂ.૭,૩૧૯.૮૫ સુધીના મૂલ્યના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ હેઠળ ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફર માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, બેંક ઓફ અમેરિકા સિક્યોરિટીઝ ઈન્ડિયા લિમિટેડ, જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

### ગુજરાત સરહદે સર ક્રીકમાં

# પાકે. ચીની ડ્રોન અને હોવરક્રાફ્ટ તૈનાત કર્યા : સુરક્ષા સામે જોખમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૦૭**

ભારતની ઉત્તર સરહદે જમ્મુ-કાશ્મીરથી પંજાબ સુધીના વિસ્તારમાં આતંકવાદ ફેલાવનારા પાકિસ્તાનને હવે ચીને ભારતની પશ્ચિમ સરહદ સળગાવવા ઉશ્કેર્યું છે. ચીન પૂર્વીય લદ્દાખથી અરૂણાચલ વિસ્તાર પર તણાવગ્રસ્ત સ્થિતિ બનાવી રાખીને ભારતને પરેશાન કરી રહ્યું છે. હવે તેણે પશ્ચિમ સરહદ પર નજર બગાડી છે અને પાકિસ્તાનને અરબ સાગરમાં ભારતીય નેવીને પડકારવા ઉશ્કેરી રહ્યું છે. આ યોજનાના ભાગરૂપે પાકિસ્તાન તૂર્કી અને ચીનની મદદથી સર ક્રીકમાં ઝડપથી તેની નેવી અને સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી રહ્યું છે.

પાકિસ્તાન નેવીએ 'અબાબીલ પ્રોજેક્ટ' હેઠળ કચ્છ સરહદ નજીક સર ક્રીકમાં તૂર્કી અને ચીનની મદદથી તેમના ડ્રોન અને હોવરક્રાફ્ટ પણ તૈનાત કર્યા છે. સાથે તેણે નેવલ સ્પેશિયલ સર્વિસ ગ્રૂપ કમાન્ડોની પણ તૈનાતી કરી છે, જેનાથી ભારતની સમુદ્રી સરહદ પર સુરક્ષા જોખમ વધી ગયું છે. પાકિસ્તાનનું આ વિસ્તરણ 'અબાબીલ-ધ ડિવાઈન સ્ટ્રાઈક' નામના પ્રોજેક્ટનો ભાગ છે. આ પ્રોજેક્ટનું કામકાજ પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પોતે જોઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ પાકિસ્તાને સર ક્રીકમાં તેના નેવલ સ્પેશિયલ સર્વિસ ગ્રૂપ કમાન્ડોની તૈનાતી કરી છે. આ કમાન્ડો સમુદ્રી સ્પેશિયલ ઓપરેશન ફોર્સ છે, જે સમુદ્ર, હવા અને જમીન પર હાઈ-રિસ્ક મિશન માટે તાલિમબદ્ધ હોય છે. પાકિસ્તાનના આ સૈન્ય આધુનિકીકરણમાં ચીન અને તૂર્કી તેને મદદ કરી રહ્યા છે.

રિપોર્ટ મુજબ પાકિસ્તાન તુર્કીના ડ્રોન, ચીનના આધુનિક હોવરક્રાફ્ટ અને તિવ્ર ગતિએ ચાલતી નેવલ બોટની સાથે અત્યાધુનિક રોકેટ અને એર ડિફેન્સ સિસ્ટમ પણ તૈનાત કરી રહ્યું છે. તૂર્કીના ડ્રોન વિસ્ફોટક લઈ જવા માટે સક્ષમ છે અને તેનો ઉપયોગ નિરીક્ષણ માટે પણ કરી શકાય છે. સૂત્રો મુજબ 'અબાબીલ પ્રોજેક્ટ'માં એડવાન્સ્ડ એર ડિફેન્સ સિસ્ટમનો સમાવેશ થાય છે, જે સર ક્રીક વિસ્તાર અને અરબ સાગરમાં પાકિસ્તાન આર્મીની નવી બનેલી રોકેટ ફોર્સ સાથે મળીને કામ કરશે. આ સિસ્ટમનો આશય બાહ્ય જોખમોને રોકવાનો છે.

મીડિયા રિપોર્ટ મુજબ પાકિસ્તાને સર ક્રીક અને અરબ સાગરમાં ભારતના નેવીની હાજરીને પડકારવા માટે પોતાના સમુદ્રી ઓપરેશન્સમાં પાયલટ વિનાના હવાઈ અને સમુદ્રી ડ્રોનનો સમાવેશ કર્યો છે. આંતરિક સૂત્રોએ કહ્યું કે, ચીન અને તૂર્કી બંને પાકિસ્તાનની સેનાને આધુનિક બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ પાકિસ્તાનને એડવાન્સ્ડ મિલિટ્રી ઈક્વિપમેન્ટ અને ટેક્નોલોજી સપ્લાય કરી રહ્યા છે.

સૂત્રો મુજબ ચીને પાકિસ્તાનને પહેલી હેંગર ક્લાસ સબમરીન સોંપી છે. તેનાથી અરબ સાગરમાં પાકિસ્તાનની સ્ટેલ્થ ક્ષમતા એટલે કે દુશ્મનની નજરથી બચીને નીકળવાની ક્ષમતા તથા સેકન્ડ સ્ટ્રાઈક ક્ષમતા એટલે કે દુશ્મનના હુમલા પછી જવાબી હુમલા કરવાની ક્ષમતા વધુ સારી થશે. આ સિવાય ઈસ્લામાબાદે પોતાના નેવી કાફલાને આધુનિક બનાવવાના મોટા પ્રોગ્રામ હેઠળ ચીનના એડવાન્સ તુગરિલ ક્લાસ ફ્રિગેટ પણ સામેલ કરી છે. પાકિસ્તાની નેવીએ સર ક્રીક નજીક બાંધા ધોરા અને હરામી ધોરા વિસ્તાર વચ્ચે અનેક સમુદ્રી સુરક્ષા ચોકીઓ પણ બનાવી છે. સર ક્રીક અને અરબ સાગરમાં અનેક ડઝન કોસ્ટલ ડિફેન્સ બોટ, મરીન એસોલ્ટ ક્રાફ્ટ, હોવરક્રાફ્ટ, નેવી જહાજ અને તિવ્ર ગતિએ ચાલતી પેટ્રોલ બોટ તૈનાત કર્યા છે અને નેવીનું પેટ્રોલિંગ પણ વધારી દીધું છે તેમ મીડિયા સૂત્રોના અહેવાલમાં જણાવાયું છે.

### અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નવા આદેશ

# 'બર્થ ટૂરિઝમ' અને વિદેશી નાગરિકોના બાળકો પર લગામ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૭**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મથી મળતી નાગરિકતા (બર્થરાઈટ સિટીઝનશિપ)ના નિયમોને કડક બનાવવા માટે બે નવા આદેશો જાહેર કર્યા છે. આ અગાઉ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના એ આદેશને રદ કરી દીધો હતો, જેમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના બાળકોને નાગરિકતા આપવાની મનાઈ કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા સામે ઝૂકવાને બદલે ટ્રમ્પે હવે બે નવા આદેશો જારી કરીને કોર્ટના નિર્ણયને પલટાવવાનો પ્રયાસ કર્યો છે.

ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા આદેશોમાંથી પહેલો આદેશ 'બર્થરાઈટ સિટીઝનશિપ'ને નિશાન બનાવે છે. આ આદેશ અનુસાર, જે મહિલાઓ માત્ર બાળકને જન્મ આપવાના હેતુથી ટૂરિસ્ટ વીઝા પર અમેરિકા આવે છે જેથી તેમનું બાળક જન્માક્ષેત્રના આધારે ઓટોમેટિક અમેરિકન નાગરિક બની જાય, તેવા બાળકોને હવે નાગરિકતા આપવામાં આવશે નહીં. આવી પ્રક્રિયાને 'બર્થ ટૂરિઝમ' તરીકે ઓળખવામાં આવે છે.

બીજા આદેશ મુજબ, જે બાળકોના માતા-પિતાનો સંબંધ આતંકવાદ સાથે હોય તેમને પણ અમેરિકન નાગરિકતા મળશે નહીં. આ ઉપરાંત, વિદેશી સરકારોના રાજદૂતો, સરકારી કર્મચારીઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં કામ કરતા લોકોના અમેરિકામાં જન્મેલા બાળકોને પણ નાગરિકતાથી વંચિત રાખવામાં આવશે.

વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ સ્ટીફન મિલરે સ્પષ્ટ કર્યું છે કે, આ નિયમ વિદેશી સરકારો માટે લોબિંગ કરનારા લોકોના બાળકો પર પણ લાગુ થશે. અગાઉ જૂન મહિનામાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૬-૩ના બહુમતીથી આપેલા ચુકાદામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના બાળકોને નાગરિકતા ન આપવાના ટ્રમ્પના નિર્ણયને રદ કરી દીધો હતો.

કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, આ પ્રકારનો મનાઈ હુકમ અમેરિકન બંધારણના ૧૪મા સુધારાનું ઉલ્લંઘન કરે છે, જે કોઈપણ શરત વિના અમેરિકાની ધરતી પર જન્મેલા દરેક વ્યક્તિને નાગરિકતાની ગેરંટી આપે છે. આ ચુકાદા સામે નારાજગી વ્યક્ત કરતા ટ્રમ્પે તેને અત્યંત દૂર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, આ નિર્ણયથી દેશને નુકસાન થઈ રહ્યું છે અને હવે સરકાર અલગ રીતે તેને રદ કરશે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે, 'બર્થ ટૂરિઝમ' સામે ટૂંક સમયમાં મોટું અભિયાન ચલાવવામાં આવશે અને તેમની સરકાર આ બાબતે વધુ સખત પગલાં ભરી શકે છે.

# થાઈલેન્ડમાં ૯મા ધોરણના વિદ્યાર્થીએ કર્યું અંધાધૂંધ ફાયરિંગ

**થાઇલેન્ડની રાજધાની બેંગકોક નજીક નોન્થાબુરીની ડેબસિરિન નોન્થાબુરી સ્કૂલમાં ૧૪ વર્ષના વિદ્યાર્થીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો, શિક્ષક સહિત ૬ લોકોના મોત**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેંગકોક, તા.૦૭**

થાઈલેન્ડની રાજધાની બેંગકોક નજીક આવેલી એક શાળામાં શુક્રવારે (સાતમી ઓગસ્ટ) અંધાધૂંધ ગોળીબારની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોન્થાબુરીના બાંગ ક્રુઈ જિલ્લામાં આવેલી ડેબસિરિન નોન્થાબુરી સ્કૂલમાં જ વિદ્યાર્થીએ અંધાધૂંધ ગોળીબાર કરતાં એક શિક્ષક સહિત ૬ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ૧૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના બાદ સમગ્ર દેશમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

અહેવાલો અનુસાર,, હુમલાખોર વિદ્યાર્થી તે જ શાળામાં ધોરણ નવમા અભ્યાસ કરતો હતો, જેની ઉંમર આશરે ૧૪ વર્ષની હોવાનું કહેવાય છે. શાળા ચાલુ હતી, આ દરમિયાન કેમ્પસમાં અચાનક ફાયરિંગનો અવાજ ગુંજી ઊઠ્યો હતો. ગોળીબાર થતાં જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સ સ્થળ પર દોડી આવ્યા હતા.

હુમલાખોર વિદ્યાર્થીનું પણ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જો કે, તેણે પોતે ગોળી મારીને આપઘાત કર્યો છે કે, પછી પોલીસની વળતી કાર્યવાહીમાં તે માર્યો ગયો છે તે અંગે હજુ સુધી સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. ઈજાગ્રસ્ત થયેલા ૧૫ લોકોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

થાઈલેન્ડમાં બંદૂક સંબંધિત કાયદા ખૂબ જ કડક ગણાય છે અને ગેરકાયદે હથિયાર રાખવા બદલ ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે. આમ છતાં દેશમાં ગોળીબારની ઘટનાઓએ ચિંતા વધારી રહ્યા છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં દક્ષિણ થાઈલેન્ડના હાત યાઈ જિલ્લાની એક શાળામાં થયેલા ગોળીબારમાં એક શિક્ષકનું મોત થયું હતું અને એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો હતો. ઓક્ટોબર ૨૦૨૨માં નોંગ બુઆ લામ્ફુ પ્રાંતમાં એક પૂર્વ પોલીસ અધિકારીએ બંદૂક અને છરી વડે હુમલો કરીને અનેક નાના બાળકો સહિત અનેક લોકોની હત્યા કરી હતી. તાજેતરમાં ઘટેલી આ ઘટના બાદ થાઈલેન્ડમાં શાળાઓની સુરક્ષા અને સગીરો સુધી હથિયારો પહોંચવા અંગે સવાલો ઊભા થયા છે.

### FCRA મુદ્દે ભારતે USને પાઠ ભણાવ્યો

# અમેરિકા પણ વિદેશી ફંડિંગનું નિયમન કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

ભારતના પ્રસ્તાવિત બિલ FCRA અંગે અમેરિકાના સાંસદ રાઈલી મૂરેએ કરેલી ટિપ્પણી પર વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે. ભારતે અમેરિકાને જવાબ આપ્યો છે કે આ બિલ ભારતનો આંતરિક મામલો છે.

પશ્ચિમ વર્જિનિયાના રિપબ્લિકન નેતા રાઈલી મૂરેએ કહ્યું હતું કે, જો કોઈ ચર્ચ કે ધાર્મિક ચેરિટીનું FCRA રજિસ્ટ્રેશન રદ થાય અથવા રિન્યૂ ન થાય, તો આ નવા કાયદા હેઠળ ભારત સરકાર તેના પર નિયંત્રણ મેળવી શકે છે. આ જોગવાઈઓથી ખ્રિસ્તી સંસ્થાઓ પર અસર પડશે અને તેનાથી ભારત-USના દ્વિપક્ષીય સંબંધો પર પણ માઠી અસર પડી શકે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા કહ્યું કે, અમે FCRA અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ જોઈ છે. ભારતને લગતી કાયદાકીય બાબતો એ અમારો આંતરિક મામલો છે, જેના પર દેશની સંસદ દ્વારા નિર્ણયો લેવામાં આવે છે. હું સાથે સાથે એ પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે અમેરિકા સહિત એવા કેટલાય દેશો છે જે વિદેશી ફંડિંગના પ્રવાહનું નિયમન કરે છે. કેન્દ્ર સરકાર અનુસાર, FCRAના આ સુધારાનો મુખ્ય હેતુ વિદેશી ફંડમાંથી ઊભી કરવામાં આવેલી જાહેર સંપત્તિઓનું રક્ષણ કરવાનો છે. જો કોઈ સંસ્થાનું રજિસ્ટ્રેશન કેન્સલ થાય, તો પણ તેની પ્રવૃત્તિઓ કાયદાકીય રીતે ચાલુ રહે તે માટે એક સત્તાવાર ઓથોરિટી અસ્થાયી રૂપે વહીવટ સંભાળશે.




### શરૂઆતનો મુશ્કેલ સીન પુરો થયા બાદ બધું સરળ લાગવા લાગ્યું

# બાળકો પછી પ્રાથમિકતાઓ બદલાઇ ગઇ, ફિલ્મોની ખોટ ક્યારેય અનુભવાઇ નહીં : પ્રીતિ





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

લગભગ આઠ વર્ષ બાદ પ્રીતિ ઝિન્ટા ફરી એકવાર મોટા પડદા પર વાપસી કરી રહી છે. રાજકુમાર સંતોષીની આગામી ફિલ્મ 'બટવારા ૧૯૪૭'માં તે સની દેઓલ સાથે લીડ રોલમાં જોવા મળશે. ફિલ્મનાં પ્રમોશન દરમિયાન પ્રીતિએ લાંબા વિરામ, માતૃત્વ અને પોતાનાં કમબેક વિશે વાત કરી છે.




૨૦૦૦ના દાયકામાં બોલિવૂડની સૌથી સફળ અને સૌથી વધુ ફી લેનારી અભિનેત્રીઓમાં સામેલ રહેલી પ્રીતિએ લગ્ન અને બાળકો બાદ પોતાનાં પરિવારને પ્રાથમિકતા આપી હતી. વર્ષ ૨૦૧૮માં આવેલી 'ભૈયાજી સુપરહિટ' પછી તે ફિલ્મોથી સંપૂર્ણપણે દૂર રહી હતી. ફિલ્મમાં લાંબા સમય બાદ કામ કરવાનો અનુભવ શેર કરતાં પ્રીતિએ કહ્યું કે, શરૂઆતમાં તે બહુ જ નર્વસ હતી. તેણે જણાવ્યું, "હા, શરૂઆતમાં ગભરામણ હતી. પ્રથમ દિવસે રાજકુમાર સંતોષીએ ફિલ્મનો સૌથી મુશ્કેલ સીન મારી પાસે કરાવ્યો. હું સની દેઓલ તરફ જ જોઈ રહી હતી અને વિચારતી હતી કે હવે શું કરું."

સની દેઓલના વખાણ કરતાં તેણે ઉમેર્યું, "સની બહુ મોટા દિલના, દયાળુ અને સહકાર આપનારા વ્યક્તિ છે. તેઓ સતત મને હિંમત આપતા હતા. તેઓ કહેતા હતા, 'ચિંતા ન કર, રાજકુમારજીને રીટેક્સ ગમે છે. કંઈ ખાઈશ?' તેમની આ વાતોથી મને ઘણો આત્મવિશ્વાસ મળ્યો."

પ્રીતિએ જણાવ્યું કે, શરૂઆતનો મુશ્કેલ સીન પુરો થયા બાદ બધું સરળ લાગવા લાગ્યું. લાંબા સમય સુધી ફિલ્મોથી દૂર રહેવા અંગે પૂછાતા પ્રીતિએ સ્પષ્ટ કહ્યું કે, તેને ફિલ્મોની ક્યારેય ખોટ અનુભવાઈ નહોતી. તેણે કહ્યું, "સાચું કહું તો મને ફિલ્મોની ખોટ અનુભવાઈ નહોતી. હું મારા પરિવાર સાથેનો સમય માણી રહી હતી. બાળકો સાથે જીવનનો એક નવો તબક્કો શરૂ થયો હતો. મારી કારકિર્દીમાં ભલે ઘણી સિદ્ધિઓ મળી હોય, પરંતુ મારા માટે સૌથી મોટી સિદ્ધિ મારા બાળકો છે."

પ્રીતિનું માનવું છે કે માતા બન્યા બાદ તે 'બટવારા ૧૯૪૭'માં પોતાનાં પાત્ર સાથે વધુ સારી રીતે જોડાઈ શકી. તેણે કહ્યું, "આજે પણ મારી પ્રથમ પ્રાથમિકતા પરિવાર જ છે. ત્યારે ૧૯૪૭માં પરિવારનું મહત્વ કેટલું હશે તેની કલ્પના કરી શકાય. આ જ કારણ છે કે હું આ પાત્ર સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શકી." ફિલ્મમાં પ્રીતિ એક મુસ્લિમ મહિલાની ભૂમિકામાં છે, જેના પતિ (સની દેઓલ) ભાગલા પછીના તણાવભર્યા સમયમાં પોતાનાં લાહોર સ્થિત ઘરમાં એક હિંદુ મહિલાને આશરો આપે છે.

## ૧૬ કરોડના દેવામાં ફસાયેલા અભિનેતા રાજપાલ યાદવની મુશ્કેલી વધી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડના જાણીતા અને લોકપ્રિય અભિનેતા રાજપાલ યાદવ ફરી એકવાર ગંભીર કાનૂની અને આર્થિક મુશ્કેલીઓમાં ફસાયા છે. ચેક બાઉન્સના લાંબા સમયથી ચાલતા વિવાદાસ્પદ મામલાની વચ્ચે હવે તેમની મુશ્કેલીઓમાં વધુ મોટો વધારો થયો છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા ઉત્તર પ્રદેશના શાહજહાપુરમાં આવેલી તેમની બે મુખ્ય સંપત્તિઓ પર નીલામીનો સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે. જેને લઈને ફિલ્મ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાજપાલ યાદવે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા' ના નિર્માણ માટે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી મોટી રકમની લોન લીધી હતી. સમયસર લોન અને વ્યાજની રકમ ન ચૂકવાતા આ બિલ વધીને આશરે રૂ.૧૬,૬૧,૬૪,૦૦૦ સુધી પહોંચી ગયું છે. આ ભારેખમ રકમની વસૂલાત માટે બેંકે તેમની ગીરો રાખેલી પ્રોપર્ટીને સત્તાવાર રીતે કબજામાં લઈને નીલામીની પ્રક્રિયા તેજ કરી દીધી છે. જે આગામી ૯ સપ્ટેમ્બરે ઓનલાઈન હાથ ધરવામાં આવશે. બેંક રેકોર્ડ મુજબ શાહજહાપુરમાં રાજપાલ યાદવની બે સંપત્તિઓ નોંધાયેલી છે. જેમાં એક પ્રોપર્ટી શહેરની અંદર અને બીજી ગામડામાં આવેલી છે (જેમાં ખેતરો અને મકાનો સામેલ છે). આ બંને સંપત્તિઓની બજાર કિંમત અંદાજે રૂ.૩,૧૯,૨૬,૦૦૦ આંકવામાં આવી છે. આ લોન માટે રાધા યાદવ અને માતા ગોદાવરી યાદવની સંપત્તિઓને પણ ગેરંટર તરીકે ગીરો રાખવામાં આવી હતી. જેના આધારે બેંકે આ કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

શાહજહાપુર ઉપરાંત મુંબઈમાં પણ તેમની અન્ય સંપત્તિઓની નીલામીની પ્રક્રિયા સમાંતર ચાલી રહી છે. નોંધનીય બાબત એ છે કે જે કંપનીએ ચેક બાઉન્સનો કેસ દાખલ કર્યો હતો તેના માલિક પણ શાહજહાપુરના જ રહેવાસી છે. આ તમામ ઘટનાક્રમ બાદ અભિનેતા કાનૂની પ્રક્રિયા સાથે સાથે ગંભીર આર્થિક સંકટથી ઘેરાઈ ગયું છે. બેંક અધિકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે લોનની રકમ વસૂલવા માટે આ સમગ્ર કાર્યવાહી પ્રક્રિયાગત નિયમોને આધીન જ કરવામાં આવી રહી છે.

### ઈતિહાસ માત્ર ભુતકાળની ઘટનાઓનો સંગ્રહ નથી

# ઈતિહાસ પ્રત્યેના પ્રેમે 'મુસાફિરી'ની પ્રેરણા આપી : અભિનેત્રી રિચા ચઢ્ઢા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેત્રી અને નિર્માતા રિચા ચઢ્ઢા પોતાના પ્રોડક્શન હાઉસ પુશિંગ બટન્સ સ્ટુડિયોઝ હેઠળ નિર્મિત નવી નોન-ફિક્શન સિરીઝ 'મુસાફિરી' લઈને આવી રહી છે. ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસાને અનોખી રીતે રજૂ કરતી આ સિરીઝ માટે રિચાને પોતાનાં ઈતિહાસ વિષય પ્રત્યેના પ્રેમ અને અભ્યાસમાંથી પ્રેરણા મળી છે.

રિચા માટે ઈતિહાસ માત્ર ભુતકાળની ઘટનાઓનો સંગ્રહ નથી, પરંતુ સમાજ, લોકો અને સંસ્કૃતિને સમજવાનો માર્ગ છે. ઈતિહાસના અભ્યાસ, સતત વાંચન અને દેશભરના પ્રવાસોએ 'મુસાફિરી'ની કલ્પનાને આકાર આપ્યો છે. આ સિરીઝ માત્ર ઐતિહાસિક સ્મારકો અથવા તારીખો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ ભારતની ઓળખ ઘડનાર લોકો, પરંપરાઓ, ભુલાઈ ગયેલી કથાઓ અને સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરશે. આ સિરીઝ દેશના અનેક ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળોની મુલાકાત લેશે. આકર્ષક સિનેમેટિક દૃશ્યો, સ્થાનિક લોકોના અનુભવો અને જીવંત વાર્તાઓ દ્વારા દર્શકોને ભારતના વારસાનો નવો પરિચય કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે જ, મુખ્ય પ્રવાહથી દૂર રહેલી અનેક અનોખી કથાઓને પણ આ સિરીઝમાં સ્થાન મળશે.

પ્રોજેક્ટ વિશે વાત કરતાં રિચા ચઢ્ઢાએ જણાવ્યું, "બાળપણથી જ ઈતિહાસ મારો સૌથી પ્રિય વિષય રહ્યો છે. મને હંમેશા લાગતું હતું કે ઈતિહાસ આપણને લોકો, સમાજ અને આજની સ્થિતિ સુધી પહોંચવાની સફરને સમજવામાં મદદ કરે છે. વર્ષો દરમિયાન પ્રવાસ, લોકો સાથેની વાતચીત અને વાંચનથી મારી આ જિજ્ઞાસા વધુ મજબુત બની છે. 'મુસાફિરી' એ જ વ્યક્તિગત રસનું પરિણામ છે. હું એવી સિરીઝ બનાવવા માંગતી હતી, જે માત્ર સુંદર સ્મારકો કે દૃશ્યો નહીં, પરંતુ તે સ્થળોને અર્થ આપતી વાર્તાઓ, સ્મૃતિઓ અને સમુદાયોને પણ રજૂ કરે. ભારત પાસે અદભૂત સાંસ્કૃતિક સમૃદ્ધિ છે અને પાઠ્યપુસ્તકોની બહાર પણ અનેક એવી કથાઓ છે, જે લોકો સુધી પહોંચવી જોઈએ.

મને આશા છે કે આ સિરીઝ લોકોને આપણા વારસાને નવી નજરથી જોવાની પ્રેરણા આપશે અને તેઓ દેશને વધુ જિજ્ઞાસા અને પ્રશંસાભાવ સાથે ઓળખવાનો પ્રયાસ કરશે. જો એક એપિસોડ જોયા પછી દર્શકો કોઈ સ્થળ અથવા તેના ઈતિહાસ વિશે વધુ જાણવા ઈચ્છે, તો અમારો હેતુ સફળ થયો માનીશું."

'મુસાફિરી' સાથે પુશિંગ બટન્સ સ્ટુડિયોઝ અર્થસભર અને ગુણવત્તાસભર કન્ટેન્ટ રજૂ કરવાની પોતાની દિશાને વધુ મજબુત બનાવી રહ્યું છે. આ નોન-ફિક્શન સિરીઝ સાંસ્કૃતિક શોધખોળ અને આકર્ષક વાર્તાઓનાં સમન્વય દ્વારા દર્શકોને ભારતના સમૃદ્ધ વારસાનો અનોખો અનુભવ કરાવશે અને એવી અનેક કથાઓને ઉજાગર કરશે, જે વધુ વ્યાપક ઓળખ મેળવવાની હકદાર છે.

# અનિલ કપૂર અને મનીષા કોઇરાલાની ક્લાસિક ફિલ્મ '૧૯૪૨ લવસ્ટોરી' થિયેટર્સમાં ફરી રિલીઝ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અનિલ કપૂર અને મનિશા કોઈલારાની ફિલ્મ '1942 લવસ્ટોરી' ફરી સિનેમાઘરમાં જોવા મળશે. આ ફિલ્મને રિલીઝ કરવાની જાહેરાત કરવામાં આવી છે. 90ના દાયકાની આ ફિલ્મ હજુ પણ એક આખા વર્ગની સૌથી ગમતી ફિલ્મ પૈકીની એક છે. ફિલ્મના ગીત અને સંગીત આજે પણ ઘણાય લોકોને એ 90નો દાયકો યાદ અપાવી રહ્યા છે. આ ફિલ્મ હવે હાઈરિઝોલ્યુશન સાથે થિયેટર્સમાં રિલીઝ થવાની છે. એ સમયે જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ હતી એ સમયે આ ફિલ્મને ખાસ કોઈ રિસપોન્સ મળ્યો નહોતો. પણ જે દર્શકોએ આ ફિલ્મ જોઈ હતી તેમણે આ ફિલ્મને ખરેખર વખાણી હતી. લવસ્ટોરીનો ફ્લેવર આ ફિલ્મમાં ફીલ કર્યો હતો.

અનિક કપૂરની આ ફિલ્મ 8K રિઝોલ્યુશન સાથે સિનેમાઘરમાં રિલીઝ થવાની છે. ફિલ્મને લઈને 90ના દાયકાનો ચાહકવર્ગ ખૂબ જ ઉત્સાહી છે. આ એક પોએટ્રિક રોમેન્ટિક ફિલ્મ હતી. ફિલ્મના ડાયલોગ્સ પણ લાંબા સમય સુધી ચર્ચામાં રહ્યા હતા. આ ફિલ્મમાં અંતિમવાર જાણીતા સંગીતકાર આર. ડી. બર્મને સંગીત આપ્યું છે. આ સમયગાળા બાદ એમનું નિધન થઈ ગયું હતું.

આ ફિલ્મ 21 ઓગસ્ટના થિયેટર્સમાં આવી રહી છે. NH સ્ટુડિયોએ આ અંગે જાહેરાત કરી દીધી છે. મુંબઈથી રી-રિલીઝ થનારી આ ફિલ્મ ફરી એકવાર 90નો દાયકો યાદ અપાવી દેશે. 3 દાયકા બાદ ફરીવાર આ ફિલ્મ સિનેમાઘરમાં આવી રહી છે. મેકર્સને આશા છે કે, આ વખતે ફિલ્મ સારૂ કમાઈને આપશે. પહેલા કરતા વધારે સ્ક્રિન અને રિઝોલ્યુશન ફિલ્મને મળી રહ્યા છે. ખાસ કરીને આ ફિલ્મની સાઉન્ડ ક્વોલિટીને માણવાની નવી તક દર્શકોને મળી રહી છે. આ ફિલ્મ વર્ષ 1994માં આવી રિલીઝ થઈ હતી. એ સમયે આ ફિલ્મ પોતાના શાનદાર સંગીત માટે સૌથી વધારે ચર્ચામાં હતી. ખાસ કરીને હવે 'એક લડકી કો દેખા



તો' ગીતને નવા અંદાજ અને સંગીતના વધારે ક્લિયર સ્વર સાથે સાંભળવા મળશે. 5 કરોડના બજેટમાં તૈયાર થયેલી ફિલ્મ માત્ર 7 કરોડ જેટલું જ ક્લેક્શન કરી શકી હતી. એ સમયે ફ્લોપ સાબિત થઈ હતી પણ ગીતના કારણે સૌથી વધારે ચર્ચામાં રહી હતી. ખાસ કરીને આર. ડી. બર્મનદાનું સંગીત સાંભળવા માટે જ લોકો થિયેટર્સ સુધી જતા હતા. પણ ફિલ્મની સ્ટોરી અને ફ્રેમ જોઈને દર્શકો વખાણ કરતા હતા. રી રિલીઝ કરતા આ ફિલ્મ હવે કેટલું ક્લેક્શન કરે છે એના પર સૌની નજર રહેલી છે.

‘રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન’ અંતર્ગત વલસાડના જનપ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ યોજાઈ

# પ્રજાકલ્યાણ માટે સમર્પિત થવું એ જ સાચા જનપ્રતિનિધિની ઓળખઃ વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા. ૦૭**

વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ અને નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ તિથલ સ્વામિનારાયણ મંદિરના સભાહોલ ખાતે ઉપસ્થિતિ નોંધાવીને રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જિલ્લા અને તાલુકાકક્ષાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમમાં માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પંચાયતી રાજ વિકાસ માટેનો મહત્વનો આધાર સ્તંભ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના વિકાસ માટેની જે રાહ ચિંધીને આજે દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ગુજરાત રાજ્યના વિકાસની ગતિને જાળવી રાખી છે. તેમણે કહ્યું કે, રાજકારણમાં પ્રવેશ કર્યા બાદ તટસ્થ રીતે પ્રજાકલ્યાણ માટે સમર્પિત થવું તે જ સાચા જનપ્રતિનિધિની ઓળખ છે. તંદુરસ્ત રાજકારણ જ તમામ ક્ષેત્રના વિકાસને સુનિશ્ચિત કરવાનું કામ કરે છે.

નોંધનીય છે કે, આ તાલીમ વર્ગમાં ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ, શ્રી જીતુભાઈ ચૌધરી અને શ્રી અરવિંદભાઈ પટેલે પણ એક આદર્શ જનપ્રતિનિધિ ભૂમિકા અંગે માર્ગદર્શિત કર્યા હતા.

આ તાલીમ શિબિરમાં પંચાયતી રાજનો પરિચય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, સદસ્યોની ભૂમિકા, સત્તાઓ અને જવાબદારીઓ તેમજ ગ્રામસભાનું મહત્વ, વિવિધ સમિતી અને તેમની કામગીરી, ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ, ગ્રામ પંચાયત વિકાસ યોજના, ૧૬માં નાણાપંચ અંતર્ગત આયોજન અને અમલીકરણ, ઈગ્રામ સ્વરાજ પોર્ટલનું અમલીકરણ, નાણાકીય વ્યવસ્થાપન, પારદર્શિતા અને જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અવસરે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન પટેલ, ઈ.ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી આસ્થાબેન સોલંકી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.વી.બાંભરોલીયા, સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આલીપોર વસુધારા ડેરી નજીક હાઈવેનો સર્વિસ રોડ બિસ્માર બનતા અકસ્માતની સેવાઈ રહેલી ભીતિ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૭**


ચીખલી તાલુકાના આલીપોર ગામે વસુધારા ડેરી નજીક આવેલા નેશનલ હાઈવેના સર્વિસ રોડ ઉપર ખાડાઓને લઈ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. થોડા દિવસો પહેલા જ ભારે વરસાદને પગલે આલીપોર ઓવરબ્રિજ નીચે નાના-મોટા અસંખ્ય ખાડા પડી જાણે વાહન ચાલકોને ચંદ્ર ઉપર વાહન હંકારતા હોવાનો અહેસાસ લઈ રહ્યા છે.

સર્વિસ રોડ ઠેર ઠેર બેસી જવા સાથે મસમોટા ખાડાઓના સામ્રાજ્યથી ડામર રોડનું અસ્થિત્વ જ ભૂંસાઈ જવા પામ્યું હતું અને ખાડાઓ ઉપરાંત વરસાદી પાણી ભરાઈ રહેતા રોજબરોજ અવર-જવર કરતા વાહનચાલકોને યાતના વેઠવાની નોબત આવી છે.

આ સર્વિસ રોડ પરથી કાર, બાઈક, ટ્રક,ટેમ્પો સહિતના નાના-મોટા વાહનો સતત પસાર થાય છે. પરંતુ રોડ પર પાણી ભરાયેલા ખાડાઓને કારણે વાહનચાલકોને ખાડાની ઊંડાઈનો અંદાજ ન આવતા ખાસ કરીને નાના વાહન ચાલકોના માથે સતત અકસ્માતનું જોખમ ટોળાઈ રહ્યુ છે. આ ઉપરાંત ઠેઠ ચીખલીથી આલીપોર સુધીની લંબાઈમાં હાઈવેની બંને તરફના સર્વિસ રોડ પર ઠેર-ઠેરના ખાડા વાહન ચાલકો માટે માથાનો દુઃખાવો બનવા પામ્યા છે.

આલીપોર ઓવરબ્રિજ પાસે ક્વોરી વિસ્તારમાંથી ભાર વાહક વાહનોની મોટા પાયે અવરજવર રહેતી હોય છે. ઉપરાંત સ્થાનિકો માટે પણ આ સર્વિસ રોડ ખુબ ઉપયોગી છે. અને વારંવાર આ વિસ્તારમાં સર્વિસ રોડની સપાટી તૂટી જવા સાથે ખાડાઓ પડતા હોય છે. ત્યારે સમગ્ર બાબતને હાઈવે ઓથોરિટી દ્વારા ગંભીરતાથી લઈ હાલે છૂટા છવાયા ઝાપટાને બાદ કરતા ખાસ વરસાદ પણ નથી ત્યારે મરામતની નક્કર કામગીરી કરાવવામાં આવે તેવી માંગ વાહન ચાલકો કરી રહ્યા છે.

# નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલમાં કવિતા અને વક્તૃત્વ સ્પર્ધાઓ સફળતાપૂર્વક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૭**

નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલમાં આજે નર્સરીથી ધોરણ ૨ના વિદ્યાર્થીઓ માટે કવિતા સ્પર્ધા અને ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા સફળતાપૂર્વક યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે થઈ, ત્યારબાદ મુખ્ય અતિથિઓ અને નિર્ણાયકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ અને ઉત્સાહ સાથે સુંદર કવિતાઓ અને પ્રેરણાદાયક ભાષણો રજૂ કર્યા હતા. તેમના પ્રદર્શનમાં સર્જનાત્મકતા, સ્પષ્ટ ઉચ્ચાર, અભિવ્યક્તિ અને મંચ પરની હાજરી સ્પષ્ટપણે જોવા મળી.

નિર્ણાયકોએ ભાગ લેનારાઓની પ્રતિભા અને સંચાર કૌશલ્યની પ્રશંસા કરી. શિક્ષકોએ દરેક વિદ્યાર્થીને તેમની ઉત્સાહી ભાગીદારી માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાઓએ યુવા વિદ્યાર્થીઓને તેમની વાણી ક્ષમતા વિકસાવવા અને આત્મવિશ્વાસ વધારવા માટે એક મૂલ્યવાન મંચ પૂરો પાડ્યો હતો.

કાર્યક્રમનો અંત આભારવિધિ સાથે થયો, જેમાં ભાગ લેનારાઓ, શિક્ષકો અને અતિથિઓ સુખદ સ્મૃતિઓ અને સિદ્ધિની લાગણી સાથે વિદાય થયા હતા.

# ઉમરગામ તાલુકામાં પૂરથી અસરગ્રસ્ત થયેલા ચાર ગામોમાં ઈપીએલ કંપની દ્વારા રાહત સામગ્રીનું કરવામાં આવેલું વિતરણ

**ધનોલી, ઝરોલી, અંકલાસ અને નાગવાસના ૩૫૦૦થી વધુ પરિવારાને ફૂડ કીટ અને રાહત સામગ્રી આપી ઈપીએલ કંપનીએ માનવતાનું પૂરૂ પાડેલું દ્રષ્ટાંત**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૭**

ઉમરગામ તાલુકામાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિમાં ઘણાં ગામડાઓમાં મોટા પ્રમાણમાં નુકસાન થવા પામ્યું હતું. આવી પડેલી પડકારજનક સ્થિતિમાં ઘણા પરિવારો લાચાર બની જવા પામ્યા હતા. જે પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજકીય આગેવાનો તેમજ સામાજિક અને સેવાકીય સંગઠનો ઉપરાંત કંપનીઓ દ્વારા સહાયો પૂરી પાડી મદદ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ઈપીએલ કંપની ધનોલી યુનિટ દ્વારા ઉમરગામ તાલુકાના ચાર ગામ ધનોલી, નરોલી, અંકલાસ, અને નગવાસના ૭૦૦ જેટલા પરિવારોમાં ૩૫૦૦ જેટલી અનાજની કીટ તેમજ ચટાઈ વગેરેની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આવી પડેલી આકસ્મિક આફતમાં મદદે આવેલી ઈપીએલ કંપનીના મેનેજમેન્ટનો ચારે ગામના આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આભાર વ્યક્ત કર્યો હતો અને કંપનીએ પણ ભવિષ્યમાં પડકારજનક સમયે ગામવાસીઓની મદદે આવવાની બાંહેધરી આપી હતી.

# GTUની પરીક્ષામાં સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ સલવાવનો ગરિમામય ભવ્ય દેખાવ

**GTUમાં સ્વામિનારાયણ ફાર્મસી કોલેજનો સુવર્ણ વિજયઃ એમ.ફાર્મ અને બી. ફાર્મ બંનેમાં ગુજરાતમાં પ્રથમ ક્રમ સાથે ગોલ્ડ મેડલ માટે હક્કદાર બન્યા; ૨૦૧૯થી શ્રેષ્ઠતાની અવિરત પરંપરા યથાવતઃ આચાર્ય ડો. સચિન નારખેડે**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૭**

શ્રી ભાવનાબેન નાનુભાઈ બાંબરોલિયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવે ફરી એકવાર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)માં શૈક્ષણિક શ્રેષ્ઠતાનો નવો ઈતિહાસ રચ્યો છે. યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા તાજેતરના પરિણામોમાં કોલેજની એમ. ફાર્મની વિદ્યાર્થિની કુમારી ભૂમિ ચૌધરી તથા બી. ફાર્મની વિદ્યાર્થિની કુમારી રાય ચાંદનીએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ માટે હક્કદાર બન્યા છે. એક જ વર્ષે એમ. ફાર્મ અને બી. ફાર્મ બંને કોર્સમાં ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવું સંસ્થા માટે અત્યંત ગૌરવની સિદ્ધિ ગણાઈ રહી છે.

કોલેજના આચાર્ય ડૉ.સચિન બી. નારખેડેએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯થી સતત GTU ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાની પરંપરા કોલેજે જાળવી રાખી છે. આ સફળતા પાછળ ગુણવત્તાસભર શિક્ષણ, અનુભવી ફેકલ્ટી, આધુનિક પ્રયોગશાળાઓ, સંશોધન આધારિત અભ્યાસક્રમ અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપતી શૈક્ષણિક પદ્ધતિનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

એમ. ફાર્મ ગોલ્ડ મેડલિસ્ટ કુમારી ભૂમિ ચૌધરીએ પોતાના સંશોધનમાં ડાયાબિટિક ન્યૂરોપેથી માટે લિપોસોમ આધારિત હાઈડ્રોજેલ વિકસાવવાના વિષય પર અભ્યાસ કર્યો છે. આ સંશોધન ભવિષ્યમાં ડાયાબિટીસના કારણે થતી નસોની સમસ્યાઓના વધુ અસરકારક અને સરળ ઉપચાર માટે ઉપયોગી સાબિત થઈ શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

બી. ફાર્મ ગોલ્ડ મેડલિસ્ટ કુમારી રાય ચાંદનીએ નિયમિત અભ્યાસ, સમયનું યોગ્ય આયોજન અને શિક્ષકોના સતત માર્ગદર્શનને પોતાની સફળતાનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. બંને વિદ્યાર્થિનીઓએ આ સિદ્ધિનો શ્રેય માતા-પિતા, માર્ગદર્શક પ્રાધ્યાપકો અને સંસ્થાના પ્રેરણાદાયી વાતાવરણને આપ્યો હતો. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને માત્ર યુનિવર્સિટી પરીક્ષાઓ પૂરતા મર્યાદિત રાખવામાં આવતા નથી, પરંતુ રિસર્ચ, ઈનોવેશન, ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ, સ્કિલ ડેવલપમેન્ટ અને કેમ્પસ પ્લેસમેન્ટ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવે છે. સંસ્થાએ વર્ષોથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો ઉત્તમ રેકોર્ડ જાળવી રાખ્યો હોવાનું પણ આચાર્યએ જણાવ્યું હતું.

આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ, મેનેજમેન્ટ, પ્રાધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વિવિધ શૈક્ષણિક, સામાજિક અને ઔદ્યોગિક અગ્રણીઓએ કોલેજ પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

આચાર્ય ડૉ. સચિન બી. નારખેડેએ જણાવ્યું હતું કે, ‘‘સફળતા કોઈ સંયોગ નથી, પરંતુ સતત મહેનત, યોગ્ય માર્ગદર્શન, શિસ્ત અને સંશોધન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. ફાર્મસી ક્ષેત્રમાં આજે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અસંખ્ય તકો ઉપલબ્ધ છે. યુવાનો જો સમર્પણ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે તો તેઓ વિશ્વસ્તરે પણ પોતાની પ્રતિભાનો પરિચય આપી શકે છે.’’

સ્વામિનારાયણ ફાર્મસી કોલેજની આ ગૌરવસભર સિદ્ધિએ માત્ર સંસ્થાનું જ નહીં, પરંતુ સમગ્ર વલસાડ જિલ્લો અને ગુજરાતનું પણ ગૌરવ વધાર્યું છે.

વિદ્યાથીઓની આ ભવ્ય અને ઐતિહાસિક સિધ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડીરેક્ટર શ્રી હિતેન બી. ઉપાધ્યાય, ફાર્મસી કોલેજના આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડે, તેમજ સ્ટાફે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને શુભેચ્છા પાઠવી અને ભવિષ્યમાં આવા શ્રેષ્ઠપરિણામો યથાવત્ રહે તેવા આશીર્વચનો આપ્યા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભિલાડ ઈન્ડિયાપાડા વિસ્તારમાં પૂરગ્રસ્તને રાહત સામગ્રીનું વિતરણ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૭**

વિશ્વ હિંદુ પરિષદ બજરંગદળ વલસાડ જિલ્લાના પદાધિકારીઓ દ્વારા દક્ષિણ ગુજરાત પ્રાંત વિભાગના આયોજન સાથે ભિલાડના ઈન્ડિયાપાડા વિસ્તારમાં પૂરગ્રસ્ત પરિવારોના ઘરે-ઘરે જઈ રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જરૂરિયાતમંદ પરિવારાને વાસણ, સાડી, સ્કૂલબેગ, ધાબળા, તાડપત્રી, સ્કૂલબેગ, નોટબુકો સાથે ઈન્ડિયાપાડાની સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને પેન્સિલો સહિત જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યથી લાભાર્થી પરિવારોમાં આનંદની લાગણી જોવા મળી હતી અને તેમણે જય જય શ્રીરામ વંદે માતરમ્ સાથે વિશ્વ હિંદુ પરિષદના પદાધિકારીઓને હૃદયપૂર્વક આશીર્વાદ આપ્યા હતા.

આ સેવા કાર્યમાં વિશ્વ હિંદુ પરિષદ વિભાગના વિશેષ પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ, વિશ્વ હિંદુ પરિષદ જિલ્લાના ઉપપ્રમુખશ્રી અંકિતભાઈ શાહ, પ્રખંડના સહમંત્રીશ્રી હિતેષભાઈ પૂનમિયા, હિંસા નિવારણ સંઘ ઉપપ્રમુખ શ્રી કૈલાસભાઈ લોઢા, શ્રી ગજુભાઈ મહારાજશ્રી, ભિલાડ પંચાયત સદસ્ય હિનાબેનના અમિતભાઈ સાથે ઉપસ્થિત રહી રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું.


## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM PATEL SATISHKUMAR CHHANIYABHAI TO **SATISHBHAI CHHANIYABHAI PATEL** AS PER DOCUMENT
**ADDRESS:** MANDIR FALIYA, TIGHRA, DADRA-396193

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : PATEL ISHVARBHAI CHANDUBHAI TO **NEW NAME: ISHWARBHAI CHANDUBHAI PATEL** AS PER DOCUMENT
**Address:** Kumbharwadi, School Faliya, Naroli (ct), 396235, Dadra & Nagar Haveli

**U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**DIU MUNICIPAL COUNCIL - DIU**
**NOTICE INVITING TENDER**

1. Castration & Spaying & Immunisation of Stray Dogs in Diu Municipal Council, Area (7th Call)

| | |
|---|---|
| Tender No. | : 09/2026-27/ABC/605 |
| Start date id submission | : 04/08/2026 till 13:30 Hrs |
| Last date for physical submission | : 13/08/2026 at 13:00 Hrs |
| Bid opening date | : 14/08/2026 at 16:00 Hrs |

www.diu.gov.in
dmc-diu-dd@nic.in
02875-252126

Chief Officer, Diu Municipal Council, Diu

No. IP/DMN/2/5/2026-27/398, Dated: 07/08/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Land Section Collectorate, Diu**

Notification of the Social Impact Assessment

Section 4(1) of the RFCTLARR, Act, 2013, Part-B (Sub Rule(1) of Rule (3) of the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement (Social Impact Assessment and Consent rule, 2014). Land Acquisition for the project of Development of Jallandhar Circuit House, Annexe circuit House and Infrastructure Facilities in Diu District.
Case No. 65-03-LAQ-2026-LND/1060 dated 05.08.2026
Note: Details can be downloaded from https://tinyurl.com/34wzxpjm or by scanning the QR code.

Office of the Collector, Diu

No. IP/DMN/2/5/2026-27/399, Dated: 07/08/2026

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર ડીસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીસ્ટ્રીબ્યુશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૯/૦૮/૨૦૨૬ રવિવાર સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ | ૬૬/૧૧ કેવી કચીગામ-II (ઝરી) | ૧૧ કેવી પ્રિમિયર | પ્રિમિયર ઈન્ડ. એસ્ટેટ |
| ૧૧/૦૮/૨૦૨૬ મંગળવાર સવારે ૯:૩૦ થી સાંજે ૬:૩૦ | ૬૬/૧૧ કેવી કચીગામ | ૧૧ કેવી ચિરાગ | સોમનાથ મંદિર રોડ |

**અસુવિધા બદલ દિલગીર છીએ**



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૯/૦૮/૨૦૨૬ રવિવાર સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ | ૬૬/૧૧ કેવી કચીગામ | ૧૧ કેવી અગ્રવાલ એસ્ટેટ | અગ્રવાલ ઈન્ડ. એસ્ટેટ |
| | | ૧૧ કેવી તિરૂપતી | કેવડી ફળિયા, સોમનાથ કો.ઓ. સોસાયટી, શાંતિનિકેતન પાર્ક |
| | ૬૬/૧૧ કેવી ડાભેલ | ૧૧ કેવી આલ્ફા | ડાભેલ કો.ઓ. સોસાયટી લિ. |
| | | ૧૧ કેવી અમિત એક્સપ્રેસ | અમિત ઈન્ડ. મંદિર પાર્કિંગ પ્રા.લિ. |
| | | ૧૧ કેવી કલ્પતરૂ | મહાત્મા ગાંધી ઉદ્યોગ નગર, દમન ઈન્ડ. કો.ઓ. સોસાયટી લિ. |
| | | ૧૧ કેવી હિંગરાજ | હિંગરાજ ઈન્ડ. એસ્ટેટ, હિંગરાજ માતા મંદિર |

**અસુવિધા બદલ દિલગીર છીએ**



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના બુધવારથી મરવડ ખાતેની નમો હોસ્પિટલનો શુભારંભ થશે

## હોસ્પિટલમાં સંઘપ્રદેશના લોકોને વિશ્વ સ્તરની અતિ આધુનિક આરોગ્ય સુવિધા મળશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૭**

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કૃપાદૃષ્ટિ અને સીધી દેખરેખ હેઠળ સંઘપ્રદેશના પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલના અથાક પ્રયાસોથી દમણના મરવડ ખાતે અતિ આધુનિક સુવિધાઓ સાથેની અદ્યતન હોસ્પિટલનું નવનિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. હવે આગામી તા.૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજથી સંઘપ્રદેશના લોકો માટે ઉત્તમ આરોગ્ય સુવિધા મળવાનો શુભારંભ થવાનો છે.

નાની દમણના મરવડ ખાતેની નમો હોસ્પિટલમાં દર્દીઓ માટે હવેથી એક છત નીચે વિશ્વ સ્તરની તમામ સુવિધાઓ મળશે. જેમાં ઓ.પી.ડી., ૨૪×૭ ઈમરજન્સી સેવા, ડાયગ્નોસ્ટિક, પેથોલોજી, રેડિયોલોજી, ઈમેજિંગ સેવાનો લાભ મળશે.

અહીં માતૃ-શિશુ સારવાર, મહિલાઓ અને બાળકો માટે વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ સાથે ડિજિટલ હેલ્થ જેમાં ટેલીકન્સલ્ટેશન, ડિજિટલ રેકોર્ડ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

''કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓનું રક્ષણ અને નિયમિતકરણ બિલ, ૨૦૨૫''ના માધ્યમથી

# દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે લોકસભામાં યુવાઓ અને કર્મચારીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટેનો ઉઠાવેલો મુદ્દો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી, તા.૦૭**

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે લોકસભામાં ''કરાર(કોન્ટ્રાક્ટ) આધારિત કર્મચારીઓનું રક્ષણ અને નિયમિતકરણ બિલ, ૨૦૨૫''ના માધ્યમથી દેશભરમાં વર્ષોથી સરકાર અને સરકારી સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટ બેઈઝ અને ડેઈલી વેજીસ કામદારો અને આઉટસોર્સ્ડ કામદારોના રૂપમાં સેવા આપી રહેલા યુવાઓ અને કર્મચારીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટેનો મુદ્દો ઉઠાવ્યો હતો.

બિલમાં નિર્ધારિત સમયસીમા સુધી સતત સેવા આપનારા લાયક કર્મચારીઓના નિયમિતીકરણ, આઉટસોર્સિંગ વ્યવસ્થાને ચરણબદ્ધ રીતે સમાપ્ત કરવા અને સરકારી વિભાગોમાં ખાલી પદોને નિર્ધારિત સમયસીમા સુધીમાં ભરવા વગેરે જેવી મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ પ્રસ્તાવિત કરવામાં આવેલ છે.

સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષો સુધી સરકારની સેવા કરવા છતાં જો કોઈ કર્મચારીને પોતાનો રોજગાર અને ભવિષ્યની સુરક્ષાનો ભરોસો ન રહે તો આ વ્યવસ્થા પર ગંભીર પ્રશ્ન ઉભો થાય છે.

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે સરકારી મેડિકલ કોલેજોની પોસ્ટ ગ્રેજ્યુએશન(પી.જી.)ની ફીસમાં ઘટાડો કરવા માટે પણ સરકાર સમક્ષ ''કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવમાં સરકારી મેડિકલ કોલેજો (સ્નાતક અને અનુસ્નાતક ફી નિયમન) બિલ, ૨૦૨૬''ના માધ્યમથી રજૂઆત કરી હતી.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયને પૂછવામાં આવેલા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૨૨૪ના માધ્યમથી

# સાંસદ ઉમેશભાઈ પટેલે દીવ અને વણાંકબારા બંદરની વર્ષો જૂની ડ્રેજિંગ સમસ્યાને લોકસભામાં ઉઠાવી

## નાણાંકીય મંજૂરીમાં વિલંબનું વાસ્તવિક કારણ શું?: સાંસદશ્રીએ પૂછેલો પ્રશ્ન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી, તા.૦૭**

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે લોકસભામાં પોતાના મતવિસ્તાર સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ વિષયોને રાષ્ટ્રીય સ્તર પર ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૨૨૪ના માધ્યમથી દીવ બંદર અને વણાંકબારા બંદરની વર્ષો જૂની પડતર કેપિટલ ડ્રેજિંગ પરિયોજનાઓમાં થઈ રહેલા વિલંબનો મુદ્દો કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કર્યો હતો. તેમણે અન્ય ત્રણ મહત્ત્વના પ્રાઈવેટ મેમ્બર બિલના માધ્યમથી સંસદની જવાબદારી, દેશભરના કોન્ટ્રાક્ટ બેઈઝ અને દૈનિક વેતન કર્મચારીઓના હિતો તથા દાદરા નગર હવેલી અને દમણ-દીવની સરકારી મેડિકલ કોલેજની ફી સાથે સંકળાયેલા વિષયો પર કાયદાકીય પહેલ કરી હતી.

સાંસદ શ્રીએ દીવ બંદર અને વણાંકબારા બંદરના કેપિટલ ડ્રેજિંગ પ્રોજેક્ટ્સમાં વિલંબ અંગે સરકાર પાસેથી સ્પષ્ટ જવાબ માંગ્યો હતો, જેમાં બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયને પૂછવામાં આવેલા અતારાંકિત પ્રશ્ન નંબર ૩૨૨૪નો સમાવેશ થાય છે. તેમણે જરૂરી ટેકનિક, પ્રશાસનિક અને ટેન્ડર સંબંધી પ્રક્રિયાઓ પૂર્ણ થવા છતાં નાણાંકીય સ્વીકૃતિ અથવા ભંડોળ જારી નહિ થવાના કારણે સાગરમાલા કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તાવિત કેપિટલ ડ્રેજિંગ પ્રોજેક્ટ્સ આગળ નહિ વધી રહ્યો હોવા તરફ સરકારનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

સાંસદશ્રીએ સરકારને પૂછ્યું હતું કે, નાણાંકીય મંજૂરીમાં વિલંબનું વાસ્તવિક કારણ શું છે? વિલંબ માટે કયા પ્રકારની જવાબદારી નક્કી કરવામાં આવશે? અને બંને પ્રોજેક્ટોને તાત્કાલિક નાણાંકીય સ્વીકૃતિ અને ભંડોળ ઉપલબ્ધ કરાવવા માટે કઈ સમયબદ્ધ કાર્યયોજના બનાવવામાં આવશે?

સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, તે ફક્ત બંદર માળખાકીય સુવિધાઓ વિશેનો વિષય નથી. તેનો સીધો સંબંધ સ્થાનિક માછીમારોની આજીવિકા, માછલી પકડવા માટેની હોડીઓનું સુરક્ષિત આવાગમન, બંદરની કાર્યક્ષમતા તથા દીવના આર્થિક વિકાસ સાથે જોડાયેલ છે. નાણાંકીય સ્વીકૃતિમાં અનાવશ્યક વિલંબથી પ્રોજેક્ટના ખર્ચમાં વધારો અને પુનઃનિવિદા(ટેન્ડર) અથવા પુનર્મૂલ્યાંકન જેવી સ્થિતિ પેદા થવાની ભીતિ પણ સેવાઈ રહી છે.




(**નોંધઃ** દમણ કોર્ટ દ્વારા બે વર્ષની થયેલી સજા બાદ સાંસદ તરીકે ઓટોમેટિકલી ડિસક્વોલિફાઈ બનેલા શ્રી ઉમેશભાઈ પટેલને કોઈક ટેક્નિકલ કારણોસર લોકસભા સચિવાલયની યાદીમાં હજુ યથાવત હોવાથી તેમણે લોકસભામાં અતારાંકિત પ્રશ્ન નંબર ૩૨૨૪ દ્વારા પૂછેલ પ્રશ્નનો ઉત્તર સાંસદશ્રી કાર્યાલયની અખબારી યાદી મુજબ પ્રસિદ્ધ કર્યા છે.)

# કાવ્યાનુભૂતિ

## ખાંભી

*પરપીડનને ટાળવા જ્યારે બળી કોઈ નાભિ,*
*ત્યારે ગૌરવભાવે સન્માને રચાઈ આ ખાંભી.*

*રેડ્યું રક્ત નિજનું, પરવા ના કરી જાતની,*
*હણાયો દેહ, અમર પ્રતીક બની આ ખાંભી.*

*નિઃસ્વાર્થ ભાવે ઘસાય કાયા લોકસેવા કાજે,*
*તેનું પરોપકારી સ્તુતિચિહ્ન બની આ ખાંભી.*

*હૃદયે શૌર્ય, શૂરવીરતા ને હામ જેણે થામી,*
*માનવ્ય ગાથા બની એ શૂરવીરની આ ખાંભી.*

*પૂજાયા મંદિરોના ભગવાન અને દેવદેરાં,*
*ઈશ્વરના અંશની સુકર્મે પૂજાતી આ ખાંભી.*



પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ (પ્રાંજલ)
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧, કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

આ રચના ''ખાંભી'' ખૂબ જ અર્થસભર છે. તેમાં પાળિયા/ખાંભીને માત્ર પથ્થરના સ્મારક તરીકે નહીં, પરંતુ શૌર્ય, બલિદાન, પરોપકાર અને માનવતાના પ્રતીક તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

કવિ કહે છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને પરપીડા દૂર કરવા માટે પોતાનું જીવન અર્પણ કરે છે, ત્યારે તેના બલિદાનને અમર બનાવવા માટે ખાંભી (પાળિયો) રચવામાં આવે છે. તે માત્ર એક પથ્થર નથી, પરંતુ શૂરવીરના ગૌરવ અને સમાજના આદરનું જીવંત પ્રતીક છે.

પોતાનું રક્ત વહાવીને અને પોતાના દેહની ચિંતા કર્યા વિના જે લોકહિત માટે લડે છે, તેમનું શરીર ભલે નાશ પામે, પરંતુ તેમની કીર્તિ ખાંભીના સ્વરૂપે સદીઓ સુધી જીવંત રહે છે.

જે વ્યક્તિ નિઃસ્વાર્થભાવે સમાજસેવામાં પોતાનું આખું જીવન ઘસી નાખે છે, તેની યાદમાં ઉભી કરાયેલી ખાંભી પરોપકાર અને માનવસેવાનો સંદેશ પેઢી દર પેઢી પહોંચાડે છે.

શૌર્ય, હિંમત અને અડગ સંકલ્પથી જીવન જીવતા વીરપુરુષોની જીવનગાથા ખાંભીમાં કોતરાયેલી હોય છે. તે આવનારી પેઢીને સાહસ, કર્તવ્ય અને દેશપ્રેમ માટે પ્રેરણા આપે છે.

અંતિમ શેરમાં કવિ સુંદર રીતે કહે છે કે જેમ મંદિરોમાં ભગવાન અને દેવોની પૂજા થાય છે, તેમ ઈશ્વરના અંશરૂપ એવા મહાન મનુષ્યોના સત્કર્મોની સ્મૃતિરૂપ ખાંભી પણ પૂજનીય બને છે. આથી સાચી પૂજા માત્ર મૂર્તિની નહીં, પરંતુ મહાન માનવતાની પણ છે.

**હાઈકુ**
*ભોમ ગરિમા*
*જાળવતાં પાળિયા*
*પાદરે ઊભા.*

આ ત્રણ પંક્તિઓમાં કવિએ અત્યંત ગહન ભાવ વ્યક્ત કર્યો છે. ગામના પાદર પર ઊભેલા પાળિયા માત્ર પથ્થરના થાંભલા નથી; તેઓ પોતાની ધરતીની ગૌરવગાથાના નિઃશબ્દ રક્ષક છે. તેઓ પૂર્વજોના શૌર્ય, બલિદાન અને સંસ્કૃતિને આજ સુધી જાળવી રાખીને ભોમની ગરિમાનું રક્ષણ કરતા ઊભા છે.

આ રચનામાં શૌર્યરસ સાથે કરુણરસ અને માનવતાનો ઉદ્ગાર સુંદર રીતે અભિવ્યક્ત થયો છે. ખાસ કરીને અંતિમ શેર– ''ઈશ્વરના અંશની સુકર્મે પૂજાતી આ ખાંભી''– આખી કવિતાનો કેન્દ્રિય વિચાર અત્યંત અસરકારક રીતે રજૂ કરે છે.

# દાનહ પોલીસે એનડીપીએસ અધિનિયમ હેઠળ અંદાજે ૮૮ લાખની મિલકતો ફ્રીઝ કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૭**

દાનહ પોલીસ દ્વારા નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબ્સટેન્સિસ અધિનિયમ ૧૯૮૫ની કલમ ૬૮એફ(૧), ૬૮ઈ હેઠળ ડ્રગ્સની હેરાફેરી સબંધિત તપાસના ભાગરૂપે અંદાજીત ૮૮ લાખની મિલકતો ફ્રીઝ કરવામાં આવી છે.

સાયલી પોલીસ સ્ટેશનમાં ગત ૩૦ જૂનના રોજ નોંધાયેલ એનડીપીએસ કેસના આધારે કરવામા આવી છે. આ કેસમાં આરોપી રાહુલ સુરજ સિંહ પાસેથી ૧૩૭૮ ગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ગાંજાના સપ્લાયર તરીકે આરોપી સાકીબ ઈમરાન ખાન -રહેવાસી બાવીસા ફળીયા, સેલવાસની ઓળખ કરવામાં આવી હતી. વધુ તપાસમાં સાકીબ ઈમરાન ખાન એક રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ પણ અન્ય બે એનડીપીએસ કેસોમા ટ્રાયલ ચાલી રહી છે.

તપાસ દરમિયાન સાકીબ ઈમરાન ખાનના પરિવાર દ્વારા છ રહેણાંક ફ્લેટ, બે વ્યવસાયિક વાહનો ખરીદવામાં આવ્યા હતા અને એમના બેંક ખાતામાં મોટી રકમ જમા કરાવવામાં આવેલ હોવાનું માલૂમ પડ્યું હતું. પરિવારની કાયદેસર જાહેર કરાયેલ આવક અને તેમણે મેળવેલ મિલકતોની કિંમત વચ્ચે અસંગતતા જોવા મળતા તપાસ દરમિયાન એકત્રિત થયેલ પુરાવાના આધારે દાનહ પોલીસે એનડીપીએસ અધિનિયમની જોગવાઈ અનુસાર આરોપી સાકીબ ઈમરાન ખાન અને એમના પરિવારજનોના નામે રહેલ છ ફ્લેટ, બે વ્યવસાયિક વાહનો અને બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. આ તમામ મિલકતો અંદાજીત ૮૮ લાખ રૂપિયા જેટલી થાય છે.

દાનહ પોલીસ ડ્રગ્સની હેરાફેરીના નેટવકને મૂળમાંથી નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. જે માટે માત્ર નશીલા પદાર્થો સબંધિત ગુનાઓ સામે જ નહિ, પરંતુ ડ્રગ્સની હેરાફેરી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઆમાંથી પ્રાપ્ત થતી ગેરકાયદેસર સંપત્તિ અને આર્થિક લાભો સામે પણ કડક કાર્યવાહી કરવામા આવશે.

# દાનહમાં રોજ-બરોજ વધી રહેલી ગુનાખોરીઃ સેલવાસમાં વધુ એક શંકાસ્પદ રીતે બાથરૂમમાંથી મળી માસૂમ બાળકીની લાશ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૭**

સેલવાસમાં ચાલીમાંથી બાથરૂમમાંથી લાશ મળવાનો એક અઠવાડિયામાં બીજો કિસ્સો બહાર આવ્યો છે. ટોકરખાડા વિસ્તારમાં ચાલીમાં બાથરૂમની અંદર બેગમાંથી મહિલાની લાશ મળી આવી હતી અને બીજા કિસ્સામાં બાવીસા ફળિયા ઈપકા કોલોની નજીકમાં ચાલીના બાથરૂમમાંથી નવ મહિનાની બાળકીની સંદિગ્ધ હાલતમાં લાશ મળી આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રમાકાંત યાદવની ચાલ ઈપકા કોલોની નજીક બાવીસા ફળીયા, સેલવાસ જ્યાં એક રૂમના બાથરૂમમાં અંદાજીત નવ મહિનાની માસુમ બાળકીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયેલ અવસ્થામાં મળી આવી હતી. આ ઘટનાની જાણ થતા ચાલ માલિકે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જાણ થતાં સેલવાસ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી સ્થળનું નિરીક્ષણ કરીને તપાસ શરૂ કરી હતી. આ બાળકીનું મોત કયા સંજોગોમાં અને અહીં કોણ મૂકી ગયેલ તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. હાલમાં પોલીસ આસપાસના લોકોની પૂછપરછ કરી રહી છે તેમજ ઘટના સ્થળેથી જરૂરી પુરાવાઓ એકત્રિત કરવામા આવી રહ્યા છે. મૃતક બાળકીની લાશને પીએમ માટે લઈ જવામાં આવી હતી. પોલીસ વિભાગ દ્વારા તપાસ પૂર્ણ કર્યા બાદ જ બાળકીનું મોતનું સાચું કારણ સામે આવશે.

# દાનહના ખાનવેલ મરાઠી માધ્યમ શાળામાં ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૭:** દાદરા નગર હવેલીના ખાનવેલ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા મરાઠી મિડીયમમાં ફાયર સ્ટેશન ખાનવેલના અધિકારીઓ દ્વારા ફાયર સેફ્ટી વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાયર વિભાગના અધિકારી શ્રી સુજીત યાદવ અને જે.ડી.બોરસાએ આગ લાગવાના પ્રકાર અંગે વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. જેમા ઠોસ પદાર્થ, તરલ પદાર્થ, ગેસ, ધાતુઓ, વિદ્યુત અને ખાવાનું બનાવવા માટે ઉપયોગમાં લેવામા આવતુ તેલ જેવી વસ્તુઓમા આગ લાગવાની સંભાવના હોય છે. દરેક પ્રકારની આગને પાણીથી ઓલવવાની કોશિશના કરવી, ઠોસ પદાર્થથી આગ લાગે તો પાણીથી ઓલવવાની કોશિશ કરવી, તરલ પદાર્થથી આગ લાગે તો માટી, રેતી અને લોટથી આગ ઓલવવાનો પ્રયાસ કરવો. આગ જો લાગી જાય તો ગભરાવું નહિ, ફાયર સ્ટેશનને ફોન કોલ કરવો. પોતાનું નામ બતાવવું અને જગ્યાનું સાચુ સરનામું આપવુ. જેથી મદદ જલ્દી મળી શકે. આ અવસરે શાળાના આચાર્ય, શિક્ષક, એનએસએસના સ્વયંસેવક સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ELECTRIFICATION OF VEHICLES REMAINS THE DEMAND CATALYST FOR THE WIRE HARNESS MARKET

Designers and manufacturers of critical wiring harnesses, electric sensors and controllers, connectors and other electronic systems






- One of India's leading electrical and electronics ("E&E") companies (Source: CRISIL Report).
- Design, engineer, manufacture and supply critical wiring harnesses that integrate electronic sensors and controllers, switches, terminals, connectors, junction boxes, high-voltage interconnection systems and data cables, delivering application-specific architectures across platforms (Source: CRISIL Report).
- Serves both automotive and non-automotive applications, in line with the industry's shift in powertrain.
- Products also include battery packs, switches, sensors, controllers and power supply cords.
- As on March 31, 2026, had 22 operational manufacturing facilities, 3 engineering and design support centers and 7 warehouses across India and globally.

DHOOT TRANSMISSION
Harnessing Safety, Electrifying The Future
Dhoot Transmission Limited
www.dhoottransmission.com

**DHOOT TRANSMISSION LIMITED**, is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3,2026 with the RoC. The RHP and Abridged Prospectus shall be available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.dhoottransmission.com and on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Jefferies India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited, SBI Capital Markets Limited and 360 ONE WAM Limited at www.axiscapital.co.in, www.jefferies.com, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/ asia/india/index.html, www.sbicaps.com and www.360.one, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "***Risk Factors***" on page 24 of the RHP. Potential Bidders should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making an investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "**U.S. QIBs**" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.
It is to be distinctly understood that the permission given by Stock Exchanges should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by Stock Exchanges nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer Clause of NSE and BSE Limited.

Adfactors 230/26 A